શ્રી ચારિત્રસુંદરગણિ રચિત  શ્રાવકધર્મ સમજાવતો

# આચારોપદેશગ્રંથ

ગુજરાતી અનુવાદ

સંપાદક

પ.પૂ. મુનિરાજશ્રી તત્ત્વપ્રભવિજયજી

શ્રી દાન-પ્રેમ-રામચંદ્ર-ભદ્રંકર-મહોદય-
હેમભૂષણ-જિનપ્રભ-સોમપ્રભવિજય
સદ્‌ગુરુભ્યો નમઃ

શ્રીચારિત્રસુંદરગણિ રચિત
શ્રાવકધર્મને સમજાવતો

# આચારોપદેશ ગ્રંથ

(ગુજરાતી અનુવાદ સાથે)

૧૪

• સંપાદક •
પ.પૂ.મુનિરાજ શ્રી તત્ત્વપ્રભવિજયજી

• પ્રકાશક •
પૂ. આ. શ્રી જિનપ્રભસૂરિ જૈન ગ્રંથમાળા
C/o. રસીકભાઈ એમ. શાહ
A/8 ધવલગીરિ એપા. ૮મા માળે,
ખાનપુર બહાઈસેન્ટર, અમદાવાદ - ૩૮૦૦૦૧
M. ૯૯૪૫૦૧૨૨૧ - R. ૩૦૪૧૮૪૭૩

ગ્રંથ પરિચય :- શ્રાવક સંબંધી આચારોનું વર્ણન.

ગ્રંથનું નામ :- આચારોપદેશ

કર્તા :- શ્રી ચારિત્રસુંદર ગણિ

પ્રકાશક :- પૂ.આ.શ્રી જિનપ્રભસૂરિ જૈન ગ્રંથમાળા

સંપાદક :- પૂ.મુ.શ્રી તત્ત્વપ્રભવિ.મ.સા.

પ્રકાશક :- સં. ૨૦૬૬

નકલ :- ૧૦૦૦

કિંમત :- ૧૨-૦૦

● પ્રાપ્તિ સ્થાન ●

(૧) પ્રકાશક

(૨) સેવંતીલાલ વી. જૈન
૨૦, મહાજનગલી
મુંબઈ-૨

(૩) શ્રી જૈન પ્રકાશન મંદિર
૩૦૯/૪, દોશીવાડાની પોળ
અમદાવાદ

(૪) શ્રી પાર્શ્વનાથ પૂ. ભંડાર
તળેટી રોડ, પાલીતાણા

● મુદ્રક ●

વર્ધમાન પુસ્તક પ્રકાશન
શાહીબાગ, અમદાવાદ-૩૮૦૦૦૪
R. : ૨૨૮૬૦૭૮૫, M. ૯૨૨૭૫૨૭૨૪૪

# પ્રકાશક

શ્રી ચારિત્રસુંદરગણિ વિરચિત આચારોપદેશ નામનો ગ્રંથ જ્યારે વાંચ્યો ત્યારે શ્રાવકસંબંધી ઉપદેશાત્મક ગ્રંથ ખૂબ ગમેલો અને મનમાં તે વખતે વિચાર આવેલો કે હાલમાં પ્રાયઃ શ્રાવકવર્ગ સંસ્કૃત આદિ ભાષાઓથી અજાણ છે છતાં આરાધનાપ્રેમી શ્રાવક વર્ગને શ્રાવકધર્મ સંબંધી ગ્રંથોનો અભ્યાસ વાંચન-પરિશીલન ગમતું હોય છે તેવા શ્રાવકોને આ ગ્રંથનું ભાષાંતર વાંચવાનો યોગ્ય પ્રાપ્ત થાય તો તેઓને જ્ઞાન થાય કે શ્રાવકધર્મ કેવી રીતે આરાધવો જોઈએ આવી મનની ભાવનાથી આ ગ્રંથના શ્લોકનું ગુજરાતી ભાષાંતર પંડિતવર્ય શ્રી અરવિંદભાઈ એસ. સંઘવી (રાધનપુર) ખૂબ ચીવટપૂર્વક કરેલું જેને તપાસીને આ ગ્રંથને પૂ.આ. શ્રી જિનપ્રભસૂરિ જૈન ગ્રંથમાળા પ્રગટ કરી રહી છે.

આ ગ્રંથ પૂજય સાધુ ભગવંતોને પ્રાથમિક ભૂમિકામાં પ્રવચનમાં પણ ઉપયોગી થઈ શકે તેવો છે.

**પૂ.આ.શ્રી જિનપ્રભસૂરિ**
જૈન ગ્રંથમાળા

## નોંધ

**આ ગ્રંથ જ્ઞાનખાતામાંથી પ્રગટ થયેલ હોવાથી શ્રાવકે કિંમત ચૂકવીને ઉપયોગ કરવો.**

## દ્રવ્ય સહાયક

આ ગ્રંથના પ્રકાશનમાં
શ્રી ભાવવર્ધક શ્રી સુપાર્શ્વનાથસ્વામી
શ્વે.મૂ. જૈન સંઘ
શ્રીરંગસાગર - પાલડી,
અમદાવાદ
તરફથી જ્ઞાનખાતામાંથી
સહયોગ મળેલ છે

### ● સંપાદિત સાહિત્ય ●

| | | |
|---|---|---|
| (૧) મહોત્સવનું સંભારણું | આવૃત્તિ. ૧ | ૧૦૦૦ |
| (૨) ચાલો જીવન શુદ્ધિ કરીએ... | આવૃત્તિ. ૧ | ૫૦૦૦ |
| (૩) શ્રી ભદ્રંકર જિન-ગુણ સ્તવન મંજૂષા | આવૃત્તિ. ૧૦ | ૨૦,૦૦૦ |
| (૪) ભક્તિ કરતાં છૂટે મારા પ્રાણ | આવૃત્તિ. ૧ | ૧૦૦૦ |
| (૫) સમાધિ સરિતામાં સ્નાન કરો | આવૃત્તિ. ૨ | ૩૦૦૦ |
| (૬) આરાધો નવપદ, પામો પરમપદ | આવૃત્તિ. ૨ | ૩૦૦૦ |
| (૭) પ્યારા મારા પારસનાથ | આવૃત્તિ. ૧ | ૩૦૦૦ |
| (૮) ઘરઘરનું ઘરેણું | આવૃત્તિ. ૨ | ૬૦૦૦ |
| (૯) શ્રીમેરૂવિજયગણિરચિત ચતુર્વિંશતિ-જિનાન્દસ્તુતયઃ સ્વોપજ્ઞવિવરણયુતાઃ | આવૃત્તિ. ૨ | ૫૦૦ |
| (૧૦) સર્વજિનસ્તુતયશ્ચ લઘુચૈત્યવંદન ચતુર્વિંશતિકા | આવૃત્તિ. ૩ | ૫૦૦ |
| (૧૧) શ્રી સમ્યક્ દેવતત્વ | આવૃત્તિ. ૧ | ૧૦૦૦ |
| (૧૨) શ્રી સમ્યક્ ગુરુતત્વ | આવૃત્તિ. ૧ | ૧૦૦૦ |
| (૧૩) શ્રી સમ્યક્ ધર્મતત્વ | આવૃત્તિ. ૧ | ૧૦૦૦ |
| (૧૪) શ્રાવક આચારોપદેશ ગ્રંથ | આવૃત્તિ. ૧ | ૧૦૦૦ |

अर्हम्.

॥ श्रीविजयानंदसूरीश्वरेभ्यो नमः ॥

# ॥ आचारोपदेशः ॥

## ( श्रीचारित्रसुंदरगणिविरचितः )

## "મંગલાચરણ સ્વરૂપ શ્લોક"

## પ્રથમઃ વર્ગઃ

**चिदानंदस्वरूपाय रूपातीताय तायिने ।**
**परमज्योतिषे तस्मै नमः श्री परमात्मने ॥१॥**

કેવલજ્ઞાની આનંદસ્વરૂપ, રૂપરહિત, રક્ષક, પરમ જ્યોતિવાન્ એવા તે શ્રીપરમાત્માને નમસ્કાર થાઓ. ૧.

**पश्यंति योगिनो यस्य स्वरूपं ध्यानचक्षुषा ।**
**दधाना मनसः शुद्धिं तं स्तुवे परमेश्वरम् ॥२॥**

જેમના સ્વરૂપને યોગી પુરુષો મનની શુદ્ધિને ધારણ કરતા (છતા) ધ્યાન ચક્ષુ વડે જુએ છે તે પરમાત્માને હું સ્તવું છું. ૨.

**जंतवः सुखमिच्छंति निस्तुषं तच्छिवे भवेत् ।**
**तद्ध्यानात्तन्मनः शुद्ध्या कषायविजयेन सा ॥३॥**

(ગ્રન્થ નિર્માણનો હેતુ)

પ્રાણીઓ સુખને ઈચ્છે છે. તે એકાંત (સુખ) મોક્ષમાં રહેલું છે. તે સુખ ધ્યાન દ્વારા (મળે છે.) તે ધ્યાન મનની શુદ્ધિથી (થાય છે) અને તે શુદ્ધિ કષાયોના વિજયથી થાય. ૩.

**स इंद्रियजयेन स्यात्सदाचारादसौ भवेत् ।**
**स जायते सूपदेशान्नृणां गुणनिबंधनम् ॥४॥**

તે (કષાયોનો જય) ઈન્દ્રિયોના દમન વડે થાય. તે ઇંદ્રિય જય સદાચારથી થાય. અને ગુણના કારણરૂપ તે સદાચાર સારા ઉપદેશ

વડે મનુષ્યોને મળે છે. (ઉત્પન્ન થાય છે.)

**सुबुद्धिः सूपदेशेन ततोऽपि च गुणोदयः ।**
**इत्याचारोपदेशाख्यग्रंथः प्रारभ्यते मया ॥५॥**

સારા ઉપદેશથી સુબુદ્ધિ અને સુબુદ્ધિથી સુગુણોનો ઉદય થાય છે. આ પ્રમાણે (સારા હેતુથી) ''આચારોપદેશ'' (શ્રાવકાચાર) નામનો ગ્રન્થ મારા વડે આરંભાય છે...૫.

**सदाचारविचारेण रुचिरश्चतुरोचितः ।**
**देवानंदकरो ग्रंथः श्रोतव्योऽयं शुभात्मभिः ॥६॥**

**''ગ્રન્થમાહાત્મ્ય''**

સદાચારના વિચાર વડે સુંદર, ચતુર જનને યોગ્ય, દેવોને આનંદકર, એવો આ ગ્રંથ (શુભ) પવિત્ર આત્માઓ વડે સાંભળવા યોગ્ય છે. ૬.

**पुद्‌गलानां परावर्तैर्दुर्लभं जन्म मानुषम् ।**
**लब्ध्वा विवेकिना धर्मे विधेयः परमादरः ॥७॥**

પુદ્‌ગલોના પરાવર્ત્તો વડે (પણ) દુઃખેથી મેળવાય એવો મનુષ્યજન્મ પામીને વિવેકી આત્મા વડે ધર્મને વિષે પરમ આદર કરવા યોગ્ય છે...૭.

**धर्मः श्रुतोऽपि दृष्टोऽपि कृतोऽपि कारितोऽपि च ।**
**अनुमोदितोऽपि नियतं पुनात्यासप्तमं कुलम् ॥८॥**

સાંભળેલો, જોયેલો, કરેલો તથા કરાવેલો અને અનુમોદેલો એવો પણ ધર્મ નિશ્ચે (જીવોના) સાતમા કૂળ સુધી (૭મી પેઢી સુધી) પવિત્ર કરે છે. ૮.

**विना त्रिवर्गं विफलं पुंसो जन्म पशोरिव ।**
**तत्र स्यादुत्तमो धर्मस्तं विना न यतः परौ ॥९॥**

ધર્મ, અર્થ અને કામ (આ ત્રિ વર્ગને) (ઉચિત આચર્યા વિના) મનુષ્યનો જન્મ પશુની જેમ વિફળ છે. તેમાં ય ધર્મ એ ઉત્તમ છે

કારણકે તેના વિના બાકીના બે (અર્થ - કામ) મળતા નથી. ૯.

**मानुष्यमार्यदेशश्च जातिः सर्वाक्षपाटवम् ।**
**आयुश्च प्राप्यते तत्र कथंचित्कर्मलाघवात् ॥१०॥**

મનુષ્યપણું, આર્યદેશ ઉત્તમજાતિ, સર્વ ઈન્દ્રિયોની પટુતા, સારુ આયુષ્ય એ કોઈ પણ રીતે કર્મની લઘુતાથી મેળવાય છે. ૧૦.

**प्राप्तेषु पुण्यतस्तेषु श्रद्धा भवति दुर्लभा ।**
**ततः सद्गुरुसंयोगो लभ्यते गुरुभाग्यतः ॥११॥**

તેઓ પુણ્ય પ્રતાપે પ્રાપ્ત થયા છતાં પણ શ્રદ્ધા (પ્રાપ્ત) થવી દુર્લભ છે. ત્યાર પછી પણ સુગુરુનો યોગ તો મહા ભાગ્યથી જ મળે છે. ૧૧.

**लब्धं हि सर्वमप्येतत्सदाचारेण शोभते ।**
**नयेनेव नृपः पुष्पं गंधेनाज्येन भोजनम् ॥१२॥**

ન્યાયથી રાજા ગંધથી પુષ્પ અને ઘી વડે ભોજનની જેમ ખરેખર મેળવેલી (આ) સર્વ (ચીજ) પણ સદાચારથી શોભે છે. ૧૨.

**शास्त्रदृष्टेन विधिना सदाचारपरो नरः ।**
**परस्पराविरोधेन त्रिवर्गं साधयेत्सदा ॥१३॥**

સદાચારમાં તત્પર મનુષ્યે હંમેશા શાસ્ત્રોક્ત વિધિ મુજબ ત્રિવર્ગને (ધર્મ અર્થ કામને) પરસ્પર અવિરોધ વડે સાધવા. ૧૩.

**तुर्ये यामे त्रियामाया ब्राह्मे मुहूर्त्ते कृतोद्यमः ।**
**मुंचेन्निद्रां सुधीः पंचपरमेष्ठिस्तुतिं पठन् ॥१४॥**

(શ્રાવક-આચાર)

રાત્રિના ચોથા પ્રહરે બ્રાહ્મ મુહૂર્તમાં કર્યો છે ઉદ્યમ જેણે એવા સુશ્રાવકે પંચપરમેષ્ઠીની સ્તુતિ કરતાં કરતાં નિદ્રાને તજવી. ૧૪.

**वामा वा दक्षिणा वापि या नाडी वहते सदा ।**
**शय्योत्थितस्तमेवादौ पादं दद्याद्भुवस्तले ॥१५॥**

સદા શય્યામાંથી ઉઠેલા શ્રાવકે પછી ડાબી કે જમણી જે નાડી વહેતી હોય તે બાજુનો પગ જમીન ઉપર પહેલાં મૂકવો. ૧૫.

**मुक्त्वा शयनवस्त्राणि परिधायापराणि च ।**
**स्थित्वा सुस्थानके धीमान्ध्यायेत्पंचनमस्क्रियाम् ॥१६॥**

શયનના વસ્ત્રો તજીને અને બીજા (શુદ્ધ) વસ્ત્રો પહેરીને શુદ્ધ જગ્યામાં સ્થિર થઈને બુદ્ધિમાને પંચપરમેષ્ઠી નમસ્કાર ક્રિયા કરવી, (ધ્યાન ધરવું). ૧૬.

**उपविश्य च पूर्वाशाभिमुखो वाप्युदङ्मुखः ।**
**पवित्रांगः शुचिस्थाने जपेन्मंत्रं समाहितः ॥१७॥**

પવિત્ર અંગવાળો એવો તે પૂર્વ અથવા ઉત્તર તરફ મુખવાળો (થઈ) પવિત્રસ્થાને બેસીને એક મને નમસ્કાર મંત્રને જપે. ૧૭.

**अपवित्रः पवित्रो वा सुस्थितो दुःस्थितोऽपि वा ।**
**ध्यायन्पंचनमस्कारं सर्वपापैः प्रमुच्यते ॥१८॥**

અપવિત્ર હોય કે પવિત્ર સુખમાં હોય કે દુઃખમાં છતાં પણ નમસ્કાર મંત્રને ધ્યાવતો એવો તે સર્વ પાપોથી પ્રકર્ષે મૂકાય છે. ૧૮.

**अंगुल्यग्रेण यज्जप्तं यज्जप्तं मेरुलंघने ।**
**संख्याहीनं च यज्जप्तं तत्प्रायोऽल्पफलं भवेत् ॥१९॥**

અંગુલીના અગ્રભાગ વડે જે જપાયું અથવા (નવકારવાળીના) મેરુને ઉલ્લંઘીને જે જપાયું અને ઉપયોગ વિના જે સંખ્યાહીન જપાયું તે પ્રાયઃ થોડા ફળવાળું થાય. ૧૯.

**जपो भवेत् त्रिधोत्कृष्टमध्यमाधमभेदतः ।**
**पद्मादिविधिना मुख्योऽपरः स्याज्जपमालया ॥२०॥**

ઉત્તમ, મધ્યમ અને જઘન્યના ભેદથી જાપ ત્રણ પ્રકારે થાય (તેમાં) પદ્મ વિ. (હૃદયકમળ)ની વિધિ વડે મુખ્ય (જાપ) છે અને જપ માળા વડે મધ્યમ. (થાય છે.) ૨૦.

**विना मौनं विना संख्यां विना चेतोनिरोधनम् ।**
**विना स्थानं विना ध्यानं जघन्यो जायते जपः ॥२१॥**

મૌન વિના, સંખ્યા વિના, ચિત્તના નિરોધ વિના, (પદ્માસન) વિ. આસન વિના અને ધ્યાન (ધ્યેય) વિનાનો જાપ જઘન્ય છે. ૨૧.

**ततो गत्वा मुनिस्थानमथवात्मनिकेतनम् ।**
**निजपापविशुद्ध्यर्थं कुर्यादावश्यकं सुधीः ॥२२॥**

**"સૂર્યોદય પછીની શ્રાવકની કરણી"**

ત્યારપછી મુનિ ભગવંતોના સ્થાને જઈને અથવા પોતાના (ઘરના પવિત્ર ખંડમાં) ઘરે ડાહ્યા પુરુષે પોતાના પાપની વિશુદ્ધિ માટે આવશ્યક કરવું. ૨૨.

**रात्रिकं स्याद्दैवसिकं पाक्षिकं चातुर्मासिकम् ।**
**सावत्सरं चेति जिनैः पंचधावश्यकं कृतम् ॥२३॥**

રાત્રિ સંબંધી, દિવસ સંબંધી, પાક્ષિક, ચોમાસી અને સાંવત્સરિક સંબંધી આમ પાંચ પ્રકારે આવશ્યક જિનેશ્વર ભગવંતો વડે (બતાવાયા છે) કરાયા છે. ૨૩.

**कृतावश्यककर्मा च स्मृतपूर्वकुलक्रमः ।**
**प्रमोदमेदुरस्वांतः कीर्त्तयेन्मंगलस्तुतिम् ॥२४॥**

કર્યું છે આવશ્યક કાર્ય જેણે અને સંભારી છે પોતાના પૂર્વ કૂળની પરંપરા જેણે એવો શ્રાવક હર્ષથી સભર ચિત્ત વડે મંગલ સ્તુતિ કરે... ૨૪. (તે મંગળ સ્તુતિ આ પ્રમાણે છે. ૨૫થી ૩૨ શ્લોકો.

**मंगलं भगवान् वीरो मंगलं गौतमः प्रभुः ।**
**मंगलं स्थूलभद्राद्या जैनो धर्मोऽस्तु मंगलम् ॥२५॥**

ભગવાન મહાવીર સ્વામીજી, શ્રી ગૌતમસ્વામીજી, શ્રીસ્થૂલિભદ્રજી વિ. મહાત્માઓ અને જિનધર્મ એ મંગલરૂપ થાઓ. ૨૫.

**नाभेयाद्या जिनाः सर्वे भरताद्याश्च चक्रिणः ।**
**कुर्वंतु मंगलं सीरिविष्णवः प्रतिविष्णवः ॥२६॥**

શ્રી ઋષભદેવ વિ. જિનેશ્વરો, ભરતમહારાજા વિ. ચક્રવર્તિઓ, બળદેવો, વાસુદેવો અને પ્રતિવાસુદેવો એ સર્વે (મારું) મંગલ કરો...૨૬.

**नाभिसिद्धार्थभूपाद्या जिनानां पितरः समे ।**
**पालिताखंडसाम्राज्या जनयंतु जयं मम ॥२७॥**

શ્રી નાભિરાજા અને સિદ્ધાર્થ રાજા વિ. સમસ્ત જિનેશ્વરોના પિતાઓ કે જેમણે પાલ્યું છે અખંડ સામ્રાજય એવા તેઓ મને જય કરો (મારો જય કરો). ૨૭.

**मरुदेवा त्रिशलाद्या विख्याता जिनमातरः ।**
**त्रिजगज्जनितानंदा मंगलाय भवंतु मे ॥२८॥**

ત્રણ જગતને વિષે ઉત્પન્ન કર્યો છે આનંદ જેણે એવા મરુદેવી અને ત્રિશલા આદિ (ચોવીસે) વિખ્યાત જિનમાતાઓ મારા મંગલ માટે થાઓ. ૨૮.

**श्रीपुंडरीकेंद्रभूतिप्रमुखा गणधारिणः ।**
**श्रुतकेवलिनोऽन्येऽपि मंगलानि दिशंतु मे ॥२९॥**

શ્રીપુંડરિક અને ઇન્દ્રભૂતિ વગેરે ગણધરો તથા બીજા શ્રુત કેવલીઓ ય મને મંગળ આપનારા થાઓ. ૨૯.

**ब्राह्मीचंदनबालाद्या महासत्यो महत्तराः ।**
**अखंडशीललीलाढ्या यच्छंतु मम मंगलम् ॥३०॥**

અખંડશિયળની લીલાવડે સમૃદ્ધ એવી બ્રાહ્મી અને ચંદનબાળા વગેરે મહાસતી સાધ્વીજીઓ મને મંગળ આપો. ૩૦.

**चक्रेश्वरीसिद्धायिकामुख्याः शासनदेवताः ।**
**सम्यग्दृशां विघ्नहरा रचयंतु जयश्रियम् ॥३१॥**

સમ્યગ્દષ્ટિજીવોના વિઘ્નહરનારી ચક્રેશ્વરી અને સિદ્ધાયિકા વગેરે શાસન (દેવતાઓ) દેવીઓ મારી જય લક્ષ્મીને રચો. ૩૧.

**कपर्दिमातंगमुख्या यक्षा विख्यातविक्रमाः ।**
**जैनविघ्नहरा नित्यं देयासुर्मंगलानि मे ॥३२॥**

જૈનોના વિઘ્નોને હરનારા અને પ્રખ્યાત છે પરાક્રમો જેના એવા કપર્દિ અને માતંગ આદિ મુખ્ય યક્ષો મને હંમેશા મંગળ અર્પો. ૩૨.

**यो मंगलाष्टकमिदं पटुधीरधीते प्रातर्नरः**
**सुकृतभावितचित्तवृत्तिः ।**
**सौभाग्यभाग्यकलितो धुतसर्वविघ्नो नित्यं स**
**मंगलमलं लभते जगत्याम् ॥३३॥**

સુકૃતથી ભાવિત છે ચિત્ત જેનું અને સૌભાગ્ય ભાગ્યથી યુક્ત એવો જે સારી બુદ્ધિવાળો મનુષ્ય આ મંગલાષ્ટકને સવારે ભણે છે તેના સર્વ વિઘ્નો દૂર (થાય છે) થતા જગતમાં મંગલને પ્રાપ્ત કરે છે. ૩૩.

**ततो देवालये यायात्कृतनैषेधिकीक्रियः ।**
**त्यजन्नाशातनाः सर्वास्त्रिः प्रदक्षिणयेज्जिनम् ॥३४॥**

ત્યારપછી જિનાલયે જવું અને કરી છે નિસીહિ રૂપ ક્રિયા જેણે એવો તે સર્વ આશાતનાઓને ત્યજતો એવો તે ત્રણ પ્રદક્ષિણા આપે. ૩૪.

**विलासहासनिष्ठ्यूतनिद्राकलहदुःकथा ।**
**जिनेंद्रभवने जह्यादाहारं च चतुर्विधम् ॥३५॥**

જિનાલયમાં ભોગવિલાસ ઠઠ્ઠા મશ્કરી, શ્લેષ્મ (નાકનો મેલ) તથા થૂંકવું, નિદ્રા-ક્લેશ, વિકથાઓ તથા ચારે પ્રકારનો આહાર તજવો અને બીજી પણ આશાતનાઓ તજવી. ૩૫.

**नमस्तुभ्यं जगन्नाथेत्यादि स्तुतिपदं वदन् ।**
**फलमक्षतपूगं वा ढौकयेच्छ्रीजिनाग्रतः ॥३६॥**

હે જગન્નાથ ! તમોને નમસ્કાર થાઓ, આ પ્રમાણે સ્તુતિપદને બોલતા ફળ, અક્ષત સોપારી વગેરે પ્રભુ આગળ ધરવું જોઈએ. ૩૬.

**रिक्तपाणिर्न पश्येत राजानं दैवतं गुरुम् ।**
**नैमित्तिकं विशेषेण फलेन फलमादिशेत् ॥३७॥**

રાજા, દેવ, ગુરુ અને નૈમિત્તિક પાસે દર્શન વગેરે માટે ખાલી હાથે જવું નહીં (પણ) કાંઈક ફળ સાથે જવું તેથી ફળ મળે છે. ૩૭.

**दक्षिणवामांगगतो नरनारीजनो जिनम् ।**
**वंदतेऽवग्रहं मुक्त्वा षष्टिं नव करान् विभोः ॥३८॥**

પ્રભુની જમણી બાજુએ પુરુષ અને ડાબી બાજુએ (ઉત્કૃષ્ટથી) સાંઈઠ હાથ અને (જઘન્યથી) નવ હાથ (અંતરે) છોડીને જિનેશ્વર ભગવંતને વંદન કરવું જોઈએ. ૩૮.

**ततः कृतोत्तरासंगः स्थित्वा सद्योगमुद्रया ।**
**ततो मधुरया वाचा कुरुते चैत्यवंदनम् ॥३९॥**

ત્યારબાદ કર્યું છે ઉત્તરાસંગ (ખેસ ધારણ કર્યો છે જેણે) જેણે એવો તે યોગમુદ્રા દ્વારા સ્થિર થઈને પછી મધુર કંઠે ચૈત્યવંદન કરે છે. ૩૯. (હવે યોગમુદ્રા સમજાવે છે.)

**उदरे कूर्परे न्यस्य कृत्वा कोशाकृती करौ ।**
**अन्योऽन्यांगुलिसंश्लेषाद्योगमुद्रा भवेदियम् ॥४०॥**

પેટ ઉપર બે હાથની કોણીઓ કરીને કમળના ડોડાની આકૃતિવાળા બે હાથ કરી પરસ્પર આંગળીઓના સંયોગથી યોગમુદ્રા થાય છે. ૪૦.

**पश्चान्निजालयं गत्वा कुर्यात्प्राभातिकीं क्रियाम् ।**
**विदधीत गेहचिंतां भोजनाच्छादनादिकाम् ॥४१॥**

પછી (મંદિરેથી) પોતાના ઘરે જઈ સવાર સંબંધી ક્રિયા કરે અને ભોજન વસ્ત્ર વગેરે ઘરની ચિંતા કરે. ૪૧.

**आदिश्य स्वस्वकार्येषु बंधून् कर्मकरानपि ।**
**पुण्यशालां पुनर्यायादष्टभिर्धीगुणैर्युतः ॥४२॥**

ભાઈ અને નોકરોને પોતપોતાના કાર્યોને જણાવીને બુદ્ધિના આઠ ગુણોથી યુક્ત શ્રાવક ઉપાશ્રયે પુનઃ જાય. ૪૨.

**शुश्रूषा श्रवणं चैव ग्रहणं धारणं तथा ।**
**उहोऽपोहोऽर्थविज्ञानं तत्त्वज्ञानं च धीगुणाः ॥४३॥**

(બુદ્ધિના આઠ ગુણો)

શુશ્રૂષા, (શાસ્ત્ર સાંભળવાની ઇચ્છા) શાસ્ત્ર શ્રવણ, ગ્રહણ મનમાં ધારણા, ઉહ, અપોહ, અર્થવિજ્ઞાન અને તત્ત્વજ્ઞાન આ (આઠ) ગુણો બુદ્ધિના છે...૪૩.

**श्रुत्वा धर्मं विजानाति श्रुत्वा त्यजति दुर्मतिम् ।**
**श्रुत्वा ज्ञानमवाप्नोति श्रुत्वा वैराग्यमेति च ॥४४॥**

**(શાસ્ત્રશ્રવણનો લાભ)**

શાસ્ત્ર શ્રવણ કરવાથી ધર્મને વિશેષ જાણે છે, દુર્ગતિને છોડે છે જ્ઞાનને પ્રાપ્ત કરે છે અને વૈરાગ્યને પામે છે. ૪૪.

**पचांगप्रणिपातेन गुरुन् साधून् परानपि ।**
**उपविशेन्नमस्कृत्य त्यजन्नाशातनां गुरोः ॥४५॥**

ગુરુની આશાતનાને તજતો (શ્રાવક) પંચાંગ પ્રણામ વડે ગુરુમહારાજને તથા બીજા સાધુભગવંતોને વાંદીને બેસે...૪૫.

**उत्तमांगेन पाणिभ्यां जानुभ्यां च भुवस्तलम् ।**
**विधिना स्पृशतः सम्यक् पंचांगप्रणतिर्भवेत् ॥४६॥**

મસ્તક, બે હાથ અને બે ઢીંચણો વડે પૃથ્વીના તળને વિધિ પૂર્વક સારી રીતે સ્પર્શવાથી પંચાંગ નમસ્કાર થાય. ૪૬.

**पर्यस्तिकां न बध्नीयात् न च पादौ प्रसारयेत् ।**
**पादोपारि पदं नैव दोर्मूलं न प्रदर्शयेत् ॥४७॥**

પલાંઠી ન (બાંધવી) વાળવી, પગ લાંબા પહોળા ન કરવા, પગ ઉપર પગ ચડાવવા નહીં તથા બગલ ન બતાવવી. ૪૭.

**न पृष्ठे न पुरो नापि पार्श्वयोरुभयोरपि ।**
**स्थेयान्नालापयेदन्यमागतं पूर्वमात्मना ॥४८॥**

ગુરુજી હોય ત્યાં તેમની પૂંઠે અથવા એકદમ નજીક કે બન્ને બાજુ રહેવું નહીં. (બેસવું નહીં કે ચાલવું નહીં.) તથા પોતાનાથી પૂર્વે આવેલ. મનુષ્ય સાથે વાત પણ ન કરવી. ૪૮.

**सुधीर्गुरुमुखन्यस्तदृष्टिरेकाग्रमानसः ।**
**श्रृणुयाद्धर्मशास्त्राणि भावभेदविचक्षणः ॥४९॥**

નિશ્ચય અને વ્યવહાર વગેરે શાસ્ત્રના ભાવભેદને જાણવામાં કુશળ એવા બુદ્ધિશાળી શ્રાવકે ગુરુમહારાજ તરફ દષ્ટિવાળો થઈ એકાગ્ર મનવાળા થવા પૂર્વક ધર્મશાસ્ત્રો સાંભળવા. ૪૯.

**अपाकुर्यात्स्वसंदेहान् जाते व्याख्याक्षणे सुधीः ।**
**गुर्वर्हद्गुणगातृभ्यो दद्याद्दानं निजोचितम् ॥५०॥**

સુબુદ્ધિવાળા શ્રાવકે વ્યાખ્યાન પૂર્ણ થયે છતે પોતાની શંકાઓને દૂર કરવી અને ગુરુજી અને અરિહંત ભગવંતના ગુણગાનારાઓને (બ્રાહ્મણ-ભોજક વિ.ને) યોગ્ય દાન દેવું. ૫૦

**अकृतावश्यको दत्ते गुरूणां वंदनानि च ।**
**प्रत्याख्यानं यथाशक्त्या विदध्याद्विरतिप्रियः ॥५१॥**

નથી કર્યું આવશ્યક જેણે એવો પણ કે જે વિરતિપ્રિય છે તે ગુરુમહારાજને વંદને કરે અને યથાશક્તિ પચ્ચકખાણ કરે...૫૧.

**तिर्यग्योनिषु जायंतेऽविरता दानिनोऽपि हि ।**
**गजाश्वादिभवे भोगान् भुंजाना बंधनान्वितान् ॥५२॥**

દાતા પણ જો ખરેખર અવિરતિ હોય તો તે તિર્યંચયોનિમાં ઉત્પન્ન થાય છે અને હાથી-ઘોડા વિ.ના ભવમાં બંધન વિ. સહિત ભોગોને ભોગવતો (રહે છે.) ૫૨.

**न दाता नरकं याति न तिर्यग् विरतो भवेत् ।**
**दयालुर्नायुषा हीनः सत्यवक्ता न दुःश्वरः ॥५३॥**

દાતાર નરકમાં જતો નથી, વિરતિવાળો તિર્યંચ થતો નથી, દયાળુ જન હીન આયુષ્યવાળો થતો નથી અને સત્યવક્તા દુઃસ્વર થતો નથી (સત્ય = હિતકારી વચન) ૫૩.

**तपः सर्वाक्षसारंगवशीकरणवागुरा ।**
**कषायतापमृद्वीका कर्माजीर्णहरीतकी ॥५४॥**

**(હવે તપનો મહિમા વર્ણવાય છે.)**

તપ એ સર્વ ઇંદ્રિયોરૂપી હરણોને વશ કરવામાં જાળ રૂપ છે, તથા કષાયરૂપી તાપને શાંત કરવા દ્રાક્ષતુલ્ય છે અને કર્મરૂપી અજીર્ણ ને (દૂર કરવા માટે) હરડે સમાન છે. ૫૪.

**यद्दूरं यद्दूराराध्यं दुर्लभं यत्सुरैरपि ।**
**तत्सर्वं तपसा साध्यं तपो हि दुरतिक्रमम् ॥५५॥**

જે (કાંઈ પણ) દૂર છે, જે દુઃખેથી આરાધી શકાય તેવું છે અને જે દેવતાઓથી દુર્લભ છે તે સર્વ તપવડે સાધ્ય છે. ખરેખર તપ એ અનુલ્લંઘનીય છે. (અચિંત્ય છે.) ૫૫.

**चतुष्पथमथो यायात्कृतधर्मविधिः सुधीः ।**
**कुर्यादर्थार्जनोपायं व्यवसायं निजं निजम् ॥५६॥**

હવે કરી છે ધાર્મિક વિધિ જેણે એવો પ્રાજ્ઞ પુરુષ બજારમાં જાય અને પૈસા ઉપાર્જન થાય તેવો પોતપોતાને યોગ્ય વ્યવસાય કરે...૫૬.

**सुहृदामुपकाराय बंधूनामुदयाय च ।**
**अर्ज्यते विभवः सद्भिः स्वोदरं को बिभर्ति न ॥५७॥**

મિત્રોના ઉપકારને માટે અને ભાઈઓની પ્રગતિ (ઉદય) માટે સજ્જનો વડે પૈસો મેળવાય છે. (પણ) પોતાનું પેટ કોણ ભરતું નથી. ૫૭.

**व्यवसायभवा वृत्तिरुत्कृष्टा मध्यमा कृषिः ।**
**जघन्या भुवि सेवा तु भिक्षा स्यादधमाधमा ॥५८॥**

વેપારથી ઉત્પન્ન આજીવિકા ઉત્કૃષ્ટ, ખેતી મધ્યમ, પૃથ્વીને વિષે (પારકાની) સેવા તે અધમ અને ભિક્ષા (માંગણવૃત્તિ) વૃત્તિ એ અધમાધમ. ૫૮.

**व्यवसायमतो नीचं न कुर्यान्नापि कारयेत् ।**
**पुण्यानुसारिणी संपन्न पापाद्वर्द्धते क्वचित् ॥५९॥**

તેથી ક્યારેય નીચ ધંધો કરવો નહીં, કરાવવો પણ નહીં, કારણ કે લક્ષ્મી એ પુણ્યાનુસારિણી છે. તે પાપથી ક્યારે ય વધતી નથી...૫૯.

**बह्वारंभं महापापं यद्भवेज्जनगर्हितम् ।**
**इहामुत्र विरुद्धं यत्तत्कर्म न समाचरेत् ॥६०॥**

જે ઘણાં આરંભવાળું, મહાપાપવાળુ, લોકોમાં નિંદનીય અને આલોક તથા પરલોક વિરુદ્ધ હોય તે પાપ કાર્ય (ધર્મી) આચરે નહીં. ૬૦.

**लोहकारचर्मकारमद्यकृत्तैलिकादिभिः ।**
**सत्यप्यर्थागमे कामं व्यवसायं परित्यजेत् ॥६१॥**

પુષ્કળ ધનની પ્રાપ્તિ હોતે છતે પણ લુહાર, મોચી (ચમાર), દારુ બનાવનાર, ઘાંચી (મચ્છીમાર વગેરે) વિ.ની સાથે નિશ્ચયે વેપાર છોડવો. ૬૧.

**एवं चरन् प्रथमयामविधिं समग्रं**
**श्राद्धो विशुद्धहृदयो नयराजमानम् ।**
**विज्ञानमानजनरंजनसावधानो जन्मद्वयं**
**विरचयेत्सफलं स्वकीयम् ॥६२॥**

**इतिश्री रत्नसिंहसूरिशिष्यश्री चारित्रसुंदरगणिविरचिते आचारोपदेशे प्रथमप्रहरवर्गः । इति प्रथमो वर्गः ।**

આ પ્રમાણે પ્રથમ પ્રહર સંબંધી બધી વિધિને આચરતો વિશુદ્ધ-હૃદયવાળો, નીતિથી શોભતો, વિજ્ઞાન, માન, જનરંજનમાં સાવધાન શ્રાવક પોતાના બન્ને જન્મને સફળ કરે. ૬૨.

**"પ્રથમ પ્રહર પ્રથમ વર્ગ પૂર્ણ"**

## द्वितीयो वर्गः

**अथ स्वमंदिरं यायाद् द्वितीये प्रहरे सुधीः ।**
**निर्जंतुभुवि पूर्वाशाभिमुखः स्नानमाचरेत् ॥१॥**

હવે સુશ્રાવકે બીજા પહોરે પોતાના મંદિરે જવું અને જીવજંતુ વિનાની ભૂમિને વિષે પૂર્વદિશા તરફ બેસીને સ્નાન કરવું જોઈએ. ૧.

**सप्रणालं चतुःपट्टं स्नानार्थं कारयेद्वरम् ।**
**तदुद्धृते जले यस्माज्जंतुबाधा न जायते ॥२॥**

સ્નાન કરવા માટે નાળ સહિત એક સારો બાજોઠ કરાવવો જેથી તે નાળ દ્વારા નીકળેલા પાણીમાં જીવજંતુઓને પીડા ન થાય. ૨.

**रजस्वलास्त्रीमलिनस्पर्शे जाते च सूतके ।**
**मृतस्वजनकार्ये च सर्वांगस्नानमाचरेत् ॥३॥**

રજસ્વલા સ્ત્રી અથવા મલિન પદાર્થનો સ્પર્શ થયે છતે યા સૂતક હોતે છતે, સ્વજન મર્યે છતે તેવા કાર્યમાં સર્વાંગે સ્નાન કરવું જોઈએ. ૩.

**अन्यथोत्तमांगवर्जं वपुः प्रक्षालयेत्परम् ।**
**कवोष्णेनाल्पपयसा देवपूजाकृते कृती ॥४॥**

અન્યથા (આ સિવાય) શ્રાવકે દેવપૂજા માટે જરાક ગરમ અને થોડા પાણી વડે મસ્તક વર્જીને (બાકીના) શરીરે સ્નાન કરવું. ૪.

**चंद्रादित्यकरस्पर्शात्पवित्रं जायते जगत् ।**
**तदाधारं शिरो नित्यं पवित्रं योगिनो विदुः ॥५॥**

ચંદ્ર, સૂર્યના કિરણોના સ્પર્શથી જગત પવિત્ર થાય છે. તેથી તેના આધારે શિર (મસ્તક)ને યોગીઓ સદા પવિત્ર માને છે. ૫.

**दयासाराः सदाचारास्ते सर्वे धर्महेतवे ।**
**शिरःप्रक्षालनान्नित्यं तज्जीवोपद्रवो भवेत् ॥६॥**

ધર્મના હેતુ માટે જે સર્વે સદાચાર છે તે દયાયુક્ત (પ્રધાન) છે. તેથી રોજ મસ્તક ધોવાથી ત્યાં રહેલ જીવોને ઉપદ્રવ થાય. ૬.

**नापवित्रंभवेच्छीर्षं नित्यं वस्त्रेण वेष्टितम् ।**
**अप्यात्मनः स्थितेः शश्वन्निर्मलद्युतिधारिणः ॥७॥**

હંમેશા વસ્ત્ર વડે ઢાંકેલું હોવાથી મસ્તક પવિત્ર જ હોય છે (તથા) નિર્મળ કાંતિને ધારણ કરનાર આત્માની પણ સ્થિતિ હોવાથી અપવિત્રપણું ન હોય. ૭.

**स्नाने येऽतिजलोत्सर्गाद् घ्नंति जंतून् बहिर्मुखाः ।**
**मलिनीकुर्वते जीवं शोधयंतो वपुर्हि ते ॥८॥**

સ્નાનને વિષે બહિર્મુખ એવા જેઓ વધારે પાણીના ઉપયોગથી જંતુઓને હણે છે તેઓ પોતાના શરીરને શુદ્ધ કરતા પોતાને (આત્માને) મલિન કરે છે. ૮.

**विहाय पोतिकं वस्त्रं परिधाय जिनं स्मरन् ।**
**यावज्जलार्द्रौ चरणौ तावत्तत्रैव तिष्ठति ॥९॥**

પછી (સ્નાનનું વસ્ત્ર) પંચીયુ તજી, બીજું વસ્ત્ર પરિધાન કરી જયાં સુધી બન્ને પગો પાણીથી ભીનાં હોય ત્યાં સુધી ત્યાં જ જિનેશ્વરનું સ્મરણ કરતો ઊભો રહે. ૯.

**अन्यथा मलसंश्लेषादपावित्र्यं पुनः पदोः ।**
**तल्लग्नजीवघातेन भवेद्वा पातकं महत् ॥१०॥**

નહીંતર મલના સંગથી ફરીથી બન્ને પગોનું અપવિત્રપણું થાય (તેથી) તેના લાગેલા જીવોના ઘાતથી મહાન પાપ લાગે. (થાય.) ૧૦.

**गृह चैत्यांतिकं गत्वा भूमिसंमार्जनादनु ।**
**परिधायार्चावस्त्राणि मुखकोशं दधात्यथ ॥११॥**

પછી ગૃહચૈત્ય પાસે જઈ ભૂમિને સાફ કર્યા પછી પૂજાના વસ્ત્રો પહેરીને (આઠ પડે) મુખકોશ બાંધવો જોઈએ. ૧૧.

**मनोवाक्कायवस्त्रेषु भूपूजोपस्करस्थितौ ।**
**शुद्धिः सप्तविधा कार्या देवतापूजनक्षणे ॥१२॥**

પ્રભુ પૂજા સમયે મન-વચન-કાયા અને વસ્ત્રો સંબંધી તથા ભૂમિ, પૂજાના ઉપકરણો અને વિધિની શુદ્ધિ આમ ૭ પ્રકારે શુદ્ધિ જાળવવા યોગ્ય છે. (કરવા યોગ્ય છે.) ૧૨.

**पुमान् परिदधेन्न स्त्रीवस्त्रं पूजाविधौ क्वचित् ।**
**न नारी नरवस्त्रं तु कामरागविवर्द्धनम् ॥१३॥**

પૂજાની વિધિમાં પુરુષે સ્ત્રીઓના વસ્ત્રો અને સ્ત્રીએ પુરુષના વસ્ત્રો ક્યારે ય ન પહેરવા (કારણ કે) તેથી કામરાગનું વિશેષે વર્ધન થાય છે. ૧૩.

**भृंगारानीतनीरेण संस्नाप्यांगं जिनेशितुः ।**
**रूक्षीकृत्य सुवस्त्रेण पूजां कुर्यात्ततोऽष्टधा ॥१४॥**

ત્યારપછી (સ્વચ્છ) કળશમાં લાવેલ જળથી પ્રભુના અંગે અભિષેક કરીને સારા વસ્ત્ર વડે અંગલૂંછણ કરી કરી અષ્ટપ્રકારી પૂજા કરવી. ૧૪.

**। अथ पूजाष्टकम् ।**

**"અષ્ટપ્રકારી પૂજા"**

**सच्चंदनेन घनसारविमिश्रितेन कस्तूरिकाद्रवयुतेन मनोहरेण ।**
**रागादिदोषरहितं महितं सुरेंद्रैः श्रीमज्जिनं त्रिजगतीपतिमर्चयामि ॥१५॥**

**चंदनपूजा ॥१॥**

## ૧. ચંદનપૂજા

ઘનસારથી વિશેષ મિશ્રિત અને કસ્તુરિના રસથી યુક્ત મનોહર ચંદનથી રાગાદિ દોષોથી રહિત અને દેવેન્દ્રોથી પૂજાયેલ, ત્રણ જગતના સ્વામિ એવા શ્રીમાન્ જિનેંદ્રની હું પૂજા કરું છું. ૧૫.

**जातिजपाबकुलचंपकपाटलाद्यैर्मंदारकुंदशतपत्रवरारविंदैः ।**
**संसारनाशकरणं करुणाप्रधानं पुष्पैः परैरपि जिनेंद्रमहं यजामि ॥१६॥**
**पुष्पपूजा ॥२॥**

## ૨. પુષ્પપૂજા

જાઈ, જૂઈ, બકુલ, ચંપક, પાટલાદિ પુષ્પો વડે (તથા) કલ્પવૃક્ષ, મચકુંદ, શતપત્ર, કમળો તથા અન્ય સુંદર ફૂલો વડે સંસારનાશના કારણભત અને કરુણા પ્રધાન એવા જિનેન્દ્રની હું પૂજા કરું છું. ૧૬.

**कृष्णागुरुप्ररचितं सितया समेतं कर्पूरपूरसहितं विहितं सुयत्नात् ।**
**धूपं जिनेंद्रपुरतो गुरुतोषतोऽहं भक्त्योत्क्षिपामि निजदुष्कृतनाशनाय ॥१७॥**
**धूपपूजा ॥३॥**

## ૩. ધૂપપૂજા

કૃષ્ણાગરુ, સાકર અને ઘણા જ કપૂરસહિત સારા પ્રયત્નથી કરેલ એવા ધૂપને મારા દુષ્કૃતનો નાશ કરવા માટે જિનેશ્વરની આગળ હું ભારે હર્ષથી ભક્તિપૂર્વક ઉવેખું છું...૧૭.

**ज्ञानं च दर्शनमथो चरणं विचिंत्य पुंजत्रयं च पुरतः प्रविधाय भक्त्या ।**
**चोक्षाक्षतैश्च करणैरपैरपीह श्रीमंतमादिपुरुषं जिनमर्चयामि ॥१८॥**
**अक्षतपूजा ॥४॥**

## ૪. અક્ષતપૂજા

હવે જ્ઞાન, દર્શન અને ચારિત્રનું ચિંતવન કરીને ઉજ્જવળ અક્ષત વડે ભક્તિથી પ્રભુની સમક્ષ ત્રણ ઢગલી કરીને તથા અન્ય પણ સાધનો વડે હું શ્રીમાન્ આદિપુરુષ જિનને પૂજું છું. ૧૮.

**सन्नालिकेरपनसामलबीजपूरजंबीरपूगसहकारमुखैः फलैस्तैः ।**
**स्वर्गाद्यनल्पफलदं प्रमदप्रमोदाद्देवाधिदेवमसमप्रशमं महामि ॥१९॥**
**फलपूजा ॥५॥**

## ૫. ફળ પૂજા

ઉત્તમ નાળિયેર, ફણસ, આમળાં, બીજોરાં, જંબીર, સોપારી, અને આમ્રફળ વિ. ઉત્તમ ફળો વડે અસાધારણ પ્રશમવાળા અને દેવલોક વિ. અગણિતફળ આપનારા એવા દેવાધિદેવ ને પરમ હર્ષથી હું પૂજું છું. ૧૯.

**सन्मोदकैर्वटकमंडकशालिदालिमुख्यैरसंख्यरसशालिभिरन्नभोज्यैः ।**
**क्षुतृड्व्यथाविरहितं स्वहिताय नित्यं तीर्थाधिराजमहमादरतो यजामि ॥२०॥**
**नैवेद्यपूजा ॥६॥**

## ૬. નૈવેદ્ય પૂજા

શ્રેષ્ઠ લાડવા, વડાં, માંડા (માલપુવાં), ભાત, દાળ વિ. પ્રધાન રસથી સ્વાદિષ્ટ (શોભાવાળા) એવા અનાજના ખોરાક વડે ભૂખ-તરસની પીડા રહિત એવા તીર્થાધિરાજને હું હંમેશા બહુમાનથી આત્મકલ્યાણને માટે પૂજું છું. ૨૦.

**विध्वस्तपापपटलस्य सदोदितस्य विश्वावलोकनकलाकलितस्य भक्त्या ।**
**उद्योतयामि पुरतो जिननायकस्य दीपं तमः प्रशमनाय शमांबुराशेः ॥२१॥**
**दीपपूजा ॥७॥**

## ૭. દીપક પૂજા

નાશ કર્યો છે પાપ પડલનો જેમણે સમસ્ત વિશ્વને અવલોકન કળાથી યુક્ત (કેવલજ્ઞાની), સદા ઉદય પામેલ શમના સમુદ્ર એવા શ્રી જિનનાયકની આગળ અજ્ઞાનરૂપી અંધકારનો નાશ કરવા માટે ભક્તિથી દીપક પ્રગટાવું છું. ૨૧.

तीर्थोदकैर्धुतमलैरमलस्वभावं शश्वन्नदीनदसरोवरसागरोत्थैः ।
दुर्वारमारमदमोहमहाहिताक्ष्यं संसारतापशमनाय जिनं यजामि ॥२२॥
जलपूजा ॥८॥

### ૮. જળ પૂજા

શાશ્વતી નદી, નદ, દ્રહ, સરોવર અને સાગર વિ.ના પવિત્ર તીર્થજળથી, સતત નિર્મળ સ્વભાવવાળા તથા દુર્વારકામ મદ, મોહરૂપી મોટા સર્પોને નષ્ટ કરવામાં ગરુડ જેવા એવા શ્રીજિનને હું સંસારતાપ શમાવવા પૂજું છું. ૨૨.

पूजाष्टकस्तुतिमिमामसमामधीत्य योऽनेन
चारुविधिना वितनोति पूजाम् ।
भुक्त्वानरामरसुखान्यविखंडितानि धन्यः
सुवासमचिराल्लभते शिवेऽपि ॥२३॥

આ અસાધારણ પૂજા અષ્ટકની આ સ્તુતિને ભણીને જે આત્મા આ પ્રમાણે સારી વિધિથી પૂજા કરે છે ધન્ય એવો તે દેવ-મનુષ્યના અખંડિત સુખોને ભોગવીને અલ્પકાળમાં મોક્ષ સુખને પણ પામે છે. ૨૩.

। इति पूजाष्टकम् ।

शुचिप्रदेशे निःशल्ये कुर्याद्देवालयं सुधीः ।
सौधे यातां वामभागे सार्द्धहस्तोच्चभूमिके ॥२४॥

### ગૃહ ચૈત્ય સંબંધી

સુશ્રાવકે ઘરમાં જતાં ડાબી બાજુએ પવિત્ર અને શલ્ય રહિત સ્થાનમાં દોઢ હાથ ઊંચી ભૂમિને વિષે જિનાલય કરવું. ૨૪.

पूर्वाशाभिमुखोऽर्चाकृदुत्तराभिमुखोऽथवा ।
विदिग्भिः सह नियतं दक्षिणां वर्जयेद्दिशाम् ॥२५॥

પૂર્વાભિમુખ અથવા ઉત્તરાભિમુખવાળો થઈ પૂજા કરવી અને પૂજા કરનારે ખૂણાઓની સાથે દક્ષિણ દિશા નક્કી વર્જવી. ૨૫.

**पूर्वस्यां लभ्यते लक्ष्मीरग्नौ संतापसंभवः ।**
**दक्षिणस्यां भवेन्मृत्युनैर्ऋते स्यादुपद्रवः ॥२६॥**

(તે વિદિશામાં ઊભા રહેવું નહીં)

પૂર્વાભિમુખ (થઈને પૂજા કરવાથી)માં લક્ષ્મી મેળવાય છે, અગ્નિખૂણે રહેવાથી સંતાપ થાય, દક્ષિણ સન્મુખ રહેવામાં મરણ થાય, અને નૈઋત્ય ખૂણા સન્મુખ પૂજાથી ઉપદ્રવ થાય. ૨૬.

**पश्चिमायां पुत्रदुःखं वायव्यां स्यादसंततिः ।**
**उत्तरस्यां महालाभ ईशान्यां धर्मवासना ॥२७॥**

પશ્ચિમમાં પુત્રદુઃખ, વાયવ્ય કોણમાં સંતાન ન થાય, ઉત્તરમાં મહાલાભ અને ઈશાનકોણ સન્મુખ ઊભા રહી પૂજા કરવાથી ધર્મવાસના જાગે. ૨૭.

**अंघ्रिजानुकरांशेषु मस्तके च यथाक्रमम् ।**
**विधेया प्रथमं पूजा जिनेंद्रस्य विवेकिभिः ॥२८॥**

વિવેકી આત્માઓ વડે પ્રથમ પ્રભુના ચરણે પછી ઢીંચણ ઉપર પછી હાથે, ખભે અને પછી મસ્તકે અનુક્રમે પૂજા કરવા યોગ્ય છે. ૨૮.

**सच्चंदनं सकाश्मीरं विनार्चा न विरच्यते ।**
**ललाटे कंठे हृदये जठरे तिलकं पुनः ॥२९॥**

પછી કપાળે, કંઠે, હૃદયે અને જઠર (નાભિ) પર તિલક કરવા કેશર સહિત શ્રેષ્ઠ ચંદન વિના પૂજા ન કરાય. ૨૯.

**प्रभाते शुद्धवासेन मध्यान्हे कुसुमैस्तथा ।**
**संध्यायां धूपदीपाभ्यां विधेयार्चा मनीषिभिः ॥३०॥**

પ્રભાતે શુદ્ધવાસક્ષેપથી મધ્યાહ્ને (બપોરે) પુષ્પોથી અને સાંજે ધૂપ-દીપથી બુદ્ધિશાળીઓ વડે પૂજા કરવા યોગ્ય છે. ૩૦.

**नैकपुष्पं द्विधा कुर्यान्न च्छिद्यात्कलिकामपि ।**
**पत्रपंकजभेदेन हत्यावत्पातकं भवेत् ॥३१॥**

એક પુષ્પના ૨ પ્રકાર (ભાગ) ન કરવાં, તથા કળીને પણ છેદવી નહીં, પત્રને કે પુષ્પને ભેદવાથી હત્યા સમ પાપ લાગે. ૩૧.

**हस्तात्प्रस्खलितं पुष्पं लग्नं पादेऽथवा भुवि ।**
**शीर्षोपरिगतं यच्च तत्पूजार्हं न कर्हिचित् ॥३२॥**

હાથથી પડી ગયેલ, પગને સ્પર્શેલ અથવા જમીન ઉપર પડેલ તથા મસ્તકે રહેલ જે ફૂલ હોય તે ક્યારેય પૂજાને યોગ્ય થતું નથી. ૩૨.

**स्पृष्टं नीचजनैर्दष्टं कीटैः कुवसनैर्धृतम् ।**
**निर्गंधमुग्रगंधं च तत्त्याज्यं कुसुमं समं ॥३३॥**

હલકા પુરુષો વડે સ્પર્શાયેલ, જંતુઓથી કરડાયેલ ગંદા વસ્ત્રોમાં ધારણ કરાયેલ, સુગંધરહિત અથવા જેમાં ઉગ્ર ગંધ હોય તે પુષ્પને (પ્રભુ પૂજામાં) ત્યાગ કરવા યોગ્ય છે. ૩૩.

**वामांगे धूपदाहः स्यात् बीजपुरं तु सन्मुखम् ।**
**हस्ते दद्याज्जिनेन्द्रस्य नागवल्लीदलं फलम् ॥३४॥**

પ્રભુની ડાબી બાજુએ ધૂપ ઉવેખવો, બીજોરું (પાણીનો કુંભ) સામે રખાય. નાગરવેલનું પાન કે ફળ પ્રભુના હાથમાં રખાય. ૩૪.

**स्नात्रैश्चंदनदीपधूपकुसुमैर्नैवेद्यनीरध्वजै-**
**र्वासैरक्षतपूगपत्रसहितैः सत्कोशवृद्ध्या फलैः ।**
**वादित्रध्वनिगीतनृत्यनुतिभिश्छत्रैर्वरैश्चामरै-**
**र्भूषाभिश्च किलैकविंशतिविधा पूजा भवेदर्हतः ॥३५॥**

સ્નાત્ર, ચંદન, દીપક, ધૂપ, પુષ્પ, નૈવેદ્ય, જળ, ધ્વજ, વાસક્ષેપ, અક્ષત, સોપારી, પત્ર, નાગર વેલના પાન, દેવદ્રવ્યની વૃદ્ધિ (રોકડા પૈસા) ફળ, વાજિંત્રનાદ, ગીત, નૃત્ય, સ્તુતિ, શ્રેષ્ઠ છત્રો ચામર અને આભૂષણો વડે આમ એકવીશ પ્રકારે પણ અરિહંત પ્રભુની પૂજા થાય. ૩૫.

**इत्येकविंशतिविधां रचयंति पूजां भव्याः**
**सुपर्वदिवसेऽपि च तीर्थयोगे ।**

**पूर्वोक्तचारुविधिनाष्टविधां च नित्यं**
**यद्यद्वरं तदिह भाववशेन योज्यम् ॥३६॥**

આ પ્રમાણે પૂર્વે કહેલ સુંદર વિધિથી ભવ્યજનો સુપર્વના દિવસે અથવા તીર્થયાત્રામાં ૨૧ પ્રકારે પૂજા રચે. તથા અષ્ટપ્રકારી પૂજા રોજ કરે તથા ભાવના વશથી જે જે શ્રેષ્ઠ લાગે તે તે કરીને (પ્રભુ ભક્તિમાં) જોડે....૩૬.

**ग्रामचैत्यं ततोयायाद्विशाद्धर्मलिप्सया ।**
**त्यजन्नशुचिमध्वानं धौतवस्त्रेण शोभितः ॥३७॥**

ત્યારપછી વિશેષે ધર્મનો લાભ મેળવવાની ઈચ્છાથી સ્વચ્છ (પવિત્ર) વસ્ત્રથી શોભિત થયેલો શ્રાવક અશુચિમાર્ગનો છોડતો ગામના ચૈત્યને વિષે જાય. ૩૭.

**यास्यामीति हृदि ध्यायंश्चतुर्थफलमश्नुते ।**
**उत्थितो लभते षष्ठं त्वष्टमं पथि च व्रजन् ॥३८॥**

હું જિનમંદિરે જઈશ એમ હૃદયમાં ચિંતવતો શ્રાવક એક ઉપવાસનું ફળ પામે છે. ઊભો થતાં બે ઉપવાસ અને માર્ગે ચાલતાં તે અઠ્ઠમનું ફળ મેળવે છે. ૩૮.

**दृष्टे चैत्येऽथ दशमं द्वारे द्वादशमं लभेत् ।**
**मध्ये पक्षोपवासस्य मासस्य स्याज्जिनार्चने ॥३९॥**

હવે ચૈત્ય જોયે છતે ચાર ઉપવાસનું ફળ મેળવે અને દ્વારમાં (પ્રવેશતા) પાંચ ઉપવાસનું મધ્યમાં આવતાં પંદર ઉપવાસનું અને જિનપૂજા કરતાં માસક્ષમણનું ફળ થાય. ૩૯.

**तिस्त्रो नैषेधिकीः कृत्वा चैत्यांतः प्रविशेत्सुधीः ।**
**चैत्यचिंतां विधायाय पूजयेच्छ्रीजिनं मुदा ॥४०॥**

સુશ્રાવક ત્રણ નિસીહિ કરીને મંદિરમાં પ્રવેશે અને પછી ચૈત્યની ચિંતા (વ્યવસ્થા) કરીને હર્ષપૂર્વક શ્રીજિનને પૂજે. ૪૦.

मूलनायकमर्चित्वाष्टधार्हत्प्रतिमाः पराः ।
पूजयेच्चारुपुष्पैघैः मृष्ट्वा चांतर्बहिः स्थिताः ॥४१॥

મૂળનાયક ભગવંતની અષ્ટપ્રકારે પૂજા કરી, પછી અંદર અને બહાર રહેલા અન્ય જિનબિંબોને સાફ કરીને સુંદર પુષ્પોથી પૂજા કરવી જોઈએ. ૪૧.

अवग्रहाद्बहिर्गत्वा वंदेतार्हंतमादरात् ।
विधिना पुरतः स्थित्वा रचयेच्चैत्यवंदनम् ॥४२॥

ત્યારપછી અવગ્રહમાંથી બહાર આવી અરિહંત ભગવંતને આદરપૂર્વક વંદન કરે અને સામે (આગળ) રહીને વિધિ પૂર્વક ચૈત્યવંદન કરે. ૪૨.

एकशक्रस्तवेनाद्या द्वाभ्यां भवति मध्यमा ।
पंचभिस्तूत्तमा ज्ञेया जायते सा त्रिधा पुनः ॥४३॥

એક શક્રસ્તવ (નમુત્થુણં)થી આદ્ય (વંદના), બે વડે મધ્યમ અને પાંચથી ઉત્તમ ચૈત્યવંદન જાણવું, તે વંદના આમ ત્રણ પ્રકારે થાય છે. ૪૩.

स्तुतिपाठे योगमुद्रा जिनमुद्रा च वंदने ।
मुक्ताशुक्तिमुद्रा तु प्रणिधाने प्रयुज्यते ॥४४॥

(નમુત્થુણં વિ.)સ્તુતિપાઠમાં યોગમુદ્રા, વંદનમાં જિનમુદ્રા અને ''જયવીયરાય, જાવંતિ ચેઈઆઈં, જાવંત કે વિ સાહુ' એ ત્રણ પ્રણિધાનમાં મુક્તાશુક્તિમુદ્રા કરવી જોઈએ. ૪૪.

उदरे कूर्परे न्यस्य कृत्वा कोशाकृती करौ ।
अन्योन्यांगुलिसंश्लेषाद्योगमुद्रा भवेदियम् ॥४५॥

પેટ ઉપર બે હાથની કોણીઓ સ્થાપી બે ય હાથ કમળના ડોડાના આકારે કરી પરસ્પર આંગળીના સંશ્લેષથી આ યોગમુદ્રા થાય છે. ૪૫.

पुरोऽगुलानि चत्वारि पश्चादूनानि तानि तु ।
अवस्थितिः पादयोर्या जिनमुद्रेयमीरिता ॥४६॥

આગળ ચાર આંગળ અને કાંઈક ન્યૂન પાછળ આ મુજબ બે પગ વચ્ચે અંતર રાખવું (ઊભા રહેવું) તે જિનમુદ્રા કહેલી છે. ૪૬.

**समौ च गर्भितौ हस्तौ ललाटे यत्र योजयेत् ।**
**मुक्ताशुक्तिकमुद्रा सा प्रणिधाने प्रयोजना ॥४७॥**

બન્ને હાથ સરખા જોડીને લલાટ ઉપર (જ્યાં) જોડવા તે મુક્તાશુક્તિમુદ્રા પૂર્વે કહેલ એ ત્રણ પ્રણિધાન (ધ્યાનમાં) થાય છે. ૪૭.

**नत्वा जिनवरं यायाद्वदन्नावश्यिकां गृहम् ।**
**अश्नीयाद्बंधुभिः सार्द्धं भक्ष्याभक्ष्यविचक्षणः ॥४८॥**

હવે ભોજનવિધિ દર્શાવાય છે.

પછી ભગવંતને નમસ્કાર કરીને "આવસ્સહિ" બોલતા શ્રાવક પોતાના ઘરે જાય અને ભક્ષ્યાભક્ષ્યમાં વિચક્ષણ એવો તે ભાઈઓની સાથે ભોજન કરે. ૪૮.

**अधौतपादः क्रोधांधो वदन् दुर्वचनानि यत् ।**
**दक्षिणाभिमुखो भुंक्ते तस्याद्राक्षसभोजनम् ॥४९॥**

પગ ધોયા વિના, ક્રોધમાં અંધ, દુર્વચનો બોલતાં તથા દક્ષિણાભિમુખવાળો (થઈને) જમે છે તે (ભોજન) રાક્ષસ ભોજન થાય. ૪૯.

**पवित्रांगः शुभे स्थाने निविष्ठो निश्चलासने ।**
**स्मृतदेवगुरुर्भुंक्ते तत्स्यान्मानवभोजनम् ॥५०॥**

પવિત્રાંગી, સારા સ્થાનમાં નિશ્ચલાસને બેઠેલ, સ્મરણ કર્યું છે દેવ અને ગુરુનું જેણે એવો (શ્રાવક) તે જમે છે તે ભોજન માનવ ભોજન કહેવાય છે. ૫૦.

**स्नात्वा देवान् समभ्यर्च्य नत्वा पूज्यजनान् मुदा ।**
**दत्वा दानं सुपात्रेभ्यो भुंक्ते भुक्तं तदुत्तमम् ॥५१॥**

સ્નાન કરી, દેવોને સારી રીતે પૂજી, પૂજ્યજનોને હર્ષપૂર્વક નમી સુપાત્રને દાન આપી જે જમવું તે ઉત્તમ ભોજન કહેવાય છે. ૫૧.

**भोजने मैथुने स्नाने वमने दंतधावने ।**
**विड्डुत्सर्गे निरोधे च मौनं कुर्यान्महामतिः ॥५२॥**

ભોજન, મૈથુન, સ્નાન, વમન, દંતધાવન, વડી નીતિ અને શ્વાસાદિ નિરોધ પ્રસંગે ડાહ્યા પુરુષે મૌન કરવું. ૫૨.

**आग्नेयीं नैर्ऋत्यं भुक्तौ दक्षिणां वर्जयेद्दिशम् ।**
**संध्ये ग्रहणकालं च स्वजनादेः शबस्थितिम् ॥५३॥**

અગ્નિ અને નૈઋત્યખૂણો તેમજ દક્ષિણદિશાને વર્જવી. તથા ત્રિસંધ્યા વખતે, ચંદ્ર-સૂર્યગ્રહણ વખતે અને સ્વજન વિ. શબ પડ્યું હોય ત્યારે ન જમવું. ૫૩.

**कार्पण्यं कुरुते यो हि भोजनादौ धने सति ।**
**मन्ये मंदमतिः सोऽत्र दैवाय धनमर्जति ॥५४॥**

ધન હોતે છતે જે ભોજન વિ.માં કૃપણતા કરે છે તે અલ્પ બુદ્ધિવાળો દૈવની ખાતર જ ધન ઉપાર્જન કરે છે. તેમ હું માનું છું. ૫૪. (દૈવ=ભાગ્ય)

**अज्ञातभाजने नाद्याद् ज्ञाति भ्रष्टगृहेऽपि च ।**
**अज्ञातानि निषिद्धानि फलान्यन्यानि च त्यजेत् ॥५५॥**

અજાણ્યા ભાજનમાં (વાસણમાં) અને જ્ઞાતિભ્રષ્ટને ઘરે ન જમવું તથા અજાણ્યા અને બીજા નિષેધેલાં ફળો ને ત્યજવા. ૫૫.

**बालस्त्रीभ्रूणगोहत्याकृतामाचारलोपिनाम् ।**
**स्वगोत्रभेदिनां पंक्तौ जानन्नोपविशेत्सुधीः ॥५६॥**

બાલહત્યા, સ્ત્રીહત્યા, ગર્ભહત્યા તથા ગોહત્યા કરનાર આચારની વિરુદ્ધ વર્તનાર તથા પોતાના ગોત્રમાં ભેદ પડાવનાર (ક્લેશ કરાવનાર) માણસોની પંક્તિમાં બુદ્ધિશાળીએ જાણતાં ન બેસવું. ૫૬.

**मद्यं मांसं नवनीतं मधूदुंबरपंचकम् ।**
**अनंतकायमज्ञातफलं रात्रौ च भोजनम् ॥५७॥**

મદ્ય, માંસ, માખણ, મધ, પાંચ જાતિના ઉદુમ્બર (વડ વિ. ના. ટેટા), અનંતકાય, અજાણ્યું ફળ, રાત્રિભોજન, ૫૭.

**आमगोरससंपृक्तं द्विदलं पुष्पितौदनम् ।**
**दध्यहर्द्वितयातीतं क्वथितान्नं च वर्जयेत् ॥५८॥**

કાચાગોરસ (દહીં-દૂધ, છાશ)માં મેળવેલ (દ્વિદળ) કઠોળ વાસીભાત વિ. ધાન્ય, બે દિવસ ઉપરનું દહીં અને કહેવાઈ ગયેલ અન્નને તજવું. ૫૮.

**जंतुमिश्रं फलं पुष्पं पत्रं चान्यदपि त्यजेत् ।**
**संधानमपि संसक्तं जिनधर्मपरायणः ॥५९॥**

જૈનધર્મમાં પરાયણે જીવવાળા ફળ, ફૂલ, પત્ર કે અન્ય તેવી વસ્તુને તથા બોળ અથાણાને તજવી જોઈએ. ૫૯.

**भोजनं च विडुत्सर्गं कुर्यादतिचिरं नहि ।**
**वारिपानं तथा स्नानं पुनः स्थिरतया सृजेत् ॥६०॥**

ભોજન અને મલોત્સર્ગ (આહાર, નિહાર) કરતાં બહુવાર ન કરવી તથા જળપાન તથા સ્નાન સ્થિરતાથી કરવા. ૬૦.

**भोजनादौ विषसमं भोजनांते शिलोपमम् ।**
**मध्ये पीयूषसदृशं वारिपानं भवेदहो ॥६१॥**

ભોજનની શરૂઆતમાં જળપાન વિષ સમાન છે, અંતમાં પત્થર સમાન છે અને વચમાં અમૃત સરખું સમજવું. ૬૧.

**अजीर्णे भोजनं जह्यात् कालेऽश्नीयाच्चसात्म्यतः ।**
**भुक्त्वोत्थितो वक्त्रशुद्धिं पत्रपूगादिभिः सृजेत् ॥६२॥**

અજીર્ણમાં ભોજન છોડવું, યોગ્ય સમયે સાદુ ભોજન ખાવું, જમીને ઉઠેલાએ પાન સોપારી વિ.થી મુખશુદ્ધિ કરવી. ૬૨.

**विवेकवान् नतांबूलमश्नियाद्विचरन् पथि ।**
**पूगाद्यमक्षतं दंतैर्दलयेन्न तु पुण्यवित् ॥६३॥**

વિવેકી આત્માએ રસ્તામાં ચાલતા તાંબુલ ન ખાવું, પુણ્ય માર્ગ જાણનાર પુરુષે સોપારી વિ. આખું દાંતોથી ન ભાંગવું. ૬૩.

**भोजनादनु नो स्वप्याद्विना ग्रीष्मं विचारवान् ।**
**दिवा स्वपयतो देहे जायते व्याधिसंभवः ॥६४॥**

વિચારવાન પુરુષે ભોજન પછી ઉનાળા વિના સૂવું નહીં. કારણ કે દિવસે ઉંઘતા શરીરને વિષે વ્યાધિનો સંભવ છે. ૬૪.

**इति श्री रत्नसिंहसूरीश्वरशिष्य श्रीचारित्रसुंदरगणिवरिचिते आ.**
**द्वितीयो वर्गः ॥२॥**

**"આચારોપદેશનો બીજો સર્ગ સમાપ્ત"**

## तृतीयोः वर्गः

**ततो गेहश्रियं पश्यन् विद्वद्गोष्ठीपरायणः ।**
**सुतादिभ्यो ददच्छिक्षां सुखं तिष्ठेद् घटीद्वयम् ॥१॥**

પછી પોતાના ગૃહલક્ષ્મીને (શોભા) જોતો વિદ્વાનોની ચર્ચામાં પરાયણ એવો શ્રાવક પુત્ર વિ.ને હિતશિક્ષા આપતો બે ઘડી સુખપૂર્વક (ઘરે) રહે. ૧.

**आत्मायत्ते गुणग्रामे दैवायत्ते धनादिके ।**
**विज्ञाताखिलतत्वानां नृणां न स्याद् गुणच्युतिः ॥२॥**

ગુણનો સમૂહ (ને વિષે) આત્મા આધીન છે અને ધન વિ. દૈવાધીન છે એમ વિશેષપણે જાણ્યા છે સમસ્તતત્ત્વો જેણે એવા પુરુષોને ગુણચ્યુતિ ન થાય. ૨.

**गुणैरुत्तमतां याति वंशहीनोऽपि मानवः ।**
**पंकजं ध्रियते मूर्ध्नि पंकः पादेन घृष्यते ॥३॥**

વંશ (જાતિકુળથી) હીન મનુષ્યપણ ગુણો વડે ઉત્તમપણું પામે છે. કમળ મસ્તક ઉપર ધારણ કરાય છે અને કાદવ પગથી કચરાય છે. ૩.

**न खानिरुत्तमानां स्यात् कुलं वा जगति क्वचित् ।**
**प्रकृत्या मानवा एव गुणैर्जाता जगन्नुताः ॥४॥**

ઉત્તમપુરુષોની જગતમાં ક્યાંય ખાણ (ખાણ) હોતી નથી તેમજ કુળપણ હોતું નથી. સ્વભાવથી (સર્વ) મનુષ્યો જ (છતાં) ગુણોથી જ જગતને વિષે સ્તવાયા છે. ૪.

**सत्वादिगुणसंपूर्णो राज्यार्हः स्याद्यथा नरः ।**
**एकविंशतिगुणः स्याद्धर्मार्हो मानवस्तथा ॥५॥**

જેમ સત્ત્વ વિ. ગુણથી યુક્ત પુરુષ રાજ્યને યોગ્ય થાય તેમ ૨૧ (એકવીશ) ગુણવાળો પુરુષ ધર્મને યોગ્ય થાય છે. ૫.

**यथा – [१]अक्षुद्रहृदयः [२]सौम्यो [३]रूपवान् [४]जनवल्लभः ।**
**[५]अक्रूरो [६]भवभीरुश्चा[७]शठो [८]दाक्षिण्यवान् सदा॥६॥**
**[९]अपत्रपिष्णुः [१०]सदययो [११]मध्यस्थः [१२]सौम्यदृक् पुनः ।**
**[१३]गुणरागी [१४]सत्कथाढ्यः [१५]सुपक्षो [१६]दीर्घदर्श्यपि ॥७॥**
**[१७]वृद्धानुगतो [१८]विनीतः [१९]कृतज्ञः [२०]परहितोऽपि च ।**
**[२१]लब्धलक्षो धर्मरत्नयोग्योऽमीभिर्गुणैर्भवेत् ॥८॥**

અક્ષુદ્ર હૃદયવાળો, સૌમ્ય, રૂપવાન, જનપ્રિય, અક્રૂર, પાપથી ભીરુ, નિષ્કપટી, દાક્ષિણ્યતાવાળો, લજ્જાળુ, દયાળુ, નિષ્પક્ષપાતી, સૌમ્યદૃષ્ટિવાળો, ગુણાનુરાગી, સત્કથાવાળો, સારા પક્ષ (કુટુંબ)વાળો, દીર્ઘ દૃષ્ટિવાળો, વૃદ્ધાનુગામી, વિનીત, કૃતજ્ઞ, પરહિતકારી, લબ્ધલક્ષ (કોઈ પણ કામને સારી રીતે કરી શકે તેવી કાર્યદક્ષતાવાળો) આ એકવીશ ગુણો દ્વારા મનુષ્ય ધર્મરત્નને યોગ્ય થાય છે. ૬-૮.

**प्रायेण राजदेशस्त्रीभक्तवार्त्तां त्यजेत्सुधीः ।**
**यतो नार्थागमः कश्चित्प्रत्युतानर्थसंभवः ॥९॥**

સુશ્રાવક પ્રાયઃ રાજકથા, દેશકથા, સ્ત્રીકથા અને ભોજન કથાને તજે, કારણ કે તેથી કાંઈ હેતુ સરતો નથી પરંતુ ઉલટો અનર્થનો સંભવ

થાય છે. ૯.

**सुमित्रैर्बंधुभिः सार्द्धं कुर्याद्धर्मकथां मिथः ।**
**तद्विद्भिः सह शास्त्रार्थरहस्यानि विचारयेत् ॥१०॥**

સારામિત્રો તથા ભાઈઓની સાથે પરસ્પર ધર્મકથા કરવી, તથા વિદ્વાનોની સાથે શાસ્ત્રાર્થના રહસ્યો વિચારવાં. ૧૦.

**पापबुद्धिर्भवेद्यस्माद्वर्जयेत्तस्य संगतिम् ।**
**कायेन वचनेनापि न्यायं मुंचेन्न कर्हिचित् ॥११॥**

જેઓની સોબતથી પાપબુદ્ધિ થાય તેની સંગત ન કરવી, તથા (મન) કાયાથી કે વચનથી પણ ન્યાયને (પ્રમાણિકતાને) ક્યારેય ન છોડવો. ૧૧.

**अवर्णवादं कस्यापि न वदेदुत्तमाग्रणीः ।**
**पित्रोर्गुरोः स्वामिनोऽपि राजादिषु विशेषतः ॥१२॥**

શ્રેષ્ઠ પુરુષે કોઈના પણ અવર્ણવાદ ન બોલવા, તેમાં ય વિશેષતાથી માતાપિતા, ગુરુ, સ્વામી (ઉપરી વર્ગ વિ.) અને રાજા વિ.ને વિષે અવર્ણવાદ (નિંદા) તો ન જ બોલવા. ૧૨.

**मूर्खैर्दुष्टैरनाचारैर्मलिनैर्धर्मनिंदकैः ।**
**दुःशीलोर्मिभिश्चौरैः संगतिं वर्जयेदलम् ॥१३॥**

મૂર્ખ, દુષ્ટ, અનાચારી, મલિન, ધર્મની નિંદા કરનાર, દુષ્ટ શીલવાળા, લોભી અને ચોર જનોની સાથે ક્યારેય સોબત ન કરવી. ૧૩.

**अज्ञातप्रतिभूः कीर्त्यै अज्ञातस्थानदो गृहे ।**
**अज्ञातकुलसंबंधी अज्ञातभृत्यरक्षकः ॥१४॥**

(હવે મૂર્ખલક્ષણો જણાવે છે.)

અજાણ્યાના સાક્ષી (વખાણ કરવા), અજાણ્યાને ઘરમાં સ્થાન આપનાર, અજ્ઞાત કુલ સાથે સંબંધ રાખે અને અજાણ નોકરને રાખે. ૧૪.

**स्वस्योर्ध्वं कोपकर्त्ता च स्वस्योर्ध्वं रिपुविग्रही ।**
**स्वस्योर्ध्वं गुणगर्वी च स्वस्योर्ध्वं भृत्यसंग्रही ॥१५॥**

પોતાનાથી મોટા ઉપર કોપ કરનાર, પોતાનાથી બળવાન શત્રુ સાથે (વિગ્રહ) વિરોધ કરનાર, પોતાનામાં ન હોય તેવા ગુણનો ગર્વ કરનાર, (અથવા ગુણીજન સાથે વાદ કરે.) પોતાનાથી ઊંચા (દરજ્જાના) નોકરનો સંગ્રહ કરે. ૧૫.

**उद्धारादृणमोक्षार्थी भोक्ता भृत्यस्य दंडनात् ।**
**दौस्थ्ये पूर्वार्जिताशंसी स्वयं स्वगुणवर्णकः ॥१६॥**

ઉધાર કરવા થકી ઋણમુક્ત થનાર, નોકરનું દંડવા થકી ભોગવનાર (પોતે પચાવી જાય), દુઃસ્થિતિમાં પૂર્વોપાર્જિત ધનનો. પ્રશંસક અને પોતાના ગુણનું વર્ણન કરનાર. ૧૬.

**ऋणाद्धर्मं विजानाति त्याज्यं दत्ते धने सति ।**
**विरोधं स्वजनैः सार्द्धं स्नेहं च कुरुते परैः ॥१७॥**

ઋણ કરવા વડે ધર્મ આચરે, ધન હોતે છતે ત્યાગ કરવા યોગ્ય વસ્તુ આપે પોતાના સ્વજનો સાથે વિરોધ અને વિરોધીઓ સાથે સ્નેહ કરે. ૧૭.

**उक्त्वा स्वयं च हसति यत्तत्खादति वक्ति च ।**
**इहामुत्र विरुद्धानि मूर्खचिह्नानि संत्यजेत् ॥१८॥**

પોતે બોલીને પોતે હસે, જેનું તેનું જે તે ખાય અને જેમ તેમ બોલે, આ લોક અને પરલોક વિરુદ્ધ મૂર્ખ લક્ષણોને તજવા. ૧૮.

**न्यायार्जितधनश्चर्यामदेशाकालयोस्त्यजन् ।**
**राजविद्वेषिभिः संगं विरोधं च घनैः समम् ॥१९॥**

દેશકાળની વિરુદ્ધ આચારને ત્યજતા ન્યાયથી ધન મેળવે તથા રાજાના દ્વેષીનો સંગ ન કરવો તથા ઘણા લોકોની સાથે વિરોધ ન કરવો. ૧૯.

**अन्यगोत्रैः कृतोद्वाहः कुलशीलसमैः समम् ।**
**सुप्रातिविश्मिके स्थाने कृतवेश्मान्वितः स्वकैः ॥२०॥**

પોતાની સમાન કુળ શીલવાળા અન્ય ગોત્રીઓ સાથે વિવાહ સંબંધ કરે તથા પોતાના સ્વજનો સાથે જ્યાં સારા પાડોશીઓ હોય તેવા સ્થાનમાં રહે. (નિવાસી થાય.) ૨૦.

**उपप्लुतं त्यजन् स्थानं कुर्वन्नायोचितं व्ययम् ।**
**वेषं वित्तानुसारेणाप्रवृत्तो जनगर्हिते ॥२१॥**

ઉપદ્રવિત સ્થાનને તજતો, આવક મુજબ ખર્ચ કરતો, પોતાની આર્થિક સ્થિતિ મુજબ વેષ પહેરતો અને લોકને વિષે નિંદિત કાર્યને નહીં કરતો. (શ્રાવક જીવન ગુજારે). ૨૧.

**देशाचारं चरन् धर्ममुंचन्नाश्रिते हितः ।**
**बलाबलं विदन् जानन् विशेषं जानान् विशेषं च हिताहितम् ॥२२॥**

પોતાના ધર્મને નહીં છોડતો, દેશાચાર મુજબ વર્તતો પોતાના બલ-અબલને જાણતો અને વિશેષે હિતાહિતને સમજતો રહે. ૨૨.

**वशीकृतेंद्रियो देवे गुरौ च गुरुभक्तिमान् ।**
**यथावत् स्जने दीनेऽतिथौ च प्रतिपत्तिकृत् ॥२३॥**

વશ કરી છે ઇંદ્રિયોને જેણે એવો તે દેવ અને ગુરુને વિષે સારી ભક્તિવાળો તથા સ્વજન, દીન અને અતિથિ (સાધુ વિ.)ને વિષે યથાશક્તિ સેવા કરનારો (શ્રાવક) હોય. ૨૩.

**एवं विचारचातुर्यं रचयंश्चतुरैः समम् ।**
**कियतीमतिक्रमन् वेलां श्रृण्वन् शास्त्राणि वा भणन् ॥२४॥**

આ પ્રમાણે ચતુરપુરુષોની સાથે હોંશિયારીથી વર્તતો શ્રાવક કેટલોક સમય શાસ્ત્રો સાંભળતો અને ભણતો પસાર કરે. ૨૪.

**कुर्वीतार्थार्जनोपायं न तिष्ठेद्दैवतत्परः ।**
**उपक्रमं विना भाग्यं पुंसां फलति न क्वचित् ॥२५॥**

ત્યારબાદ નસીબ ઉપર ભરોસો રાખી ન બેસે પરંતુ ધન મેળવવાનો (યોગ્ય) ઉપાય કરે. કારણકે પ્રયત્ન વિના પુરુષોનું ભાગ્ય ક્યારે ય

ફળતું નથી. ૨૫.

**शुद्धेन व्यवहारेण व्यवहारं सृजेत्सदा ।**
**कूटतुलां कूटमानं कूटलेख्यं च वर्जयेत् ॥२६॥**

સુશ્રાવક હંમેશા શુદ્ધવ્યવહારથી વ્યવહાર (વેપાર) કરે, ખોટા તોલ, ખોટા માપ કે ખોટા લેખને તજે. ૨૬.

**अंगारवनशकटभाटकस्फोटजीविका ।**
**दंतलाक्षारसकेशविषवाणिज्यकानि च ॥२७॥**

અંગાર કર્મ, વનકર્મ, શકટ (ગાડાં વિ.) કર્મ ભાડા વિ.નું કર્મ તથા સ્ફોટક (જમીને ફોડવી વિ.) કર્મ તથા દાંતનો વેપાર, લાખનો, રસનો, કેશનો અને ઝેરનો વેપાર આ પાંચ કુવેપાર. ૨૭.

**यंत्रपीडा निर्लांछनमसतीपोषणां तथा ।**
**दवदानं सरःशोष इति पंचदश त्यजेत् ॥२८॥**

અને યંત્રપીલણ નિર્લાંછન કર્મ, (પશુને ખસીકરણ), અસતીનું પોષણ કરવું, દવદાહ (બાળવું) તથા તળાવવિ. સુકવવાએ પંદર કર્માદાનને સર્વથા તજવા. ૨૮.

**लोहं मधूकपुष्पाणि मदनं माक्षिकं तथा ।**
**वाणिज्याय न गृह्णीयात्कंदान् पत्राणि वा सुधीः ॥२९॥**

સુજ્ઞે લોખંડ, મહુડાના ફૂલ, મદિરા, મધ, કંદમૂળ તથા પાંદડા વિ. ને ધંધા માટે ન ગ્રહણ કરવા. ૨૯.

**स्यापयेत्फाल्गुनादूर्ध्वं न तिलानतसीमपि ।**
**गुडटुप्परकादीनि जंतुघ्नानि घनागमे ॥३०॥**

ફાગણ (ચોમાસી) પછી તલ કે અલસી રાખવી નહીં, ચોમાસું આવે છતે ગોળ, ટોપરાં વિ. જંતુહણનાર (પદાર્થો) ન રાખે. ૩૦.

**शकटं वा बलीवर्द्दान् नैव प्रावृषि वाहयेत् ।**
**प्राणिहिंसाकरं प्राय कृषिकर्म न कारयेत् ॥३१॥**

ચોમાસામાં ગાડું કે બળદોને હંકાવે નહીં તથા જીવોનું હિંસાકારક એવું કૃષીકર્મ પ્રાયઃ કરાવે નહીં. ૩૧.

હવે વ્યાપાર કરવાની રીત તથા સ્વધર્મ રક્ષા દર્શાવે છે.

**विक्रीणीयात्प्राप्तमूल्यं न हीच्छेदधिकाधिकम् ।**
**अतिमूल्यकृतां प्रायो मूलनाशःप्रजायते ॥३२॥**

વ્યાજબી કિંમત મળતાં (થોડા લાભમાં પણ) વસ્તુ વેચવી પણ અધિકાધિક લાભ ન ઇચ્છવો કારણ કે વધારે ભાવ કરનારાંનું પ્રાયઃ મૂળથી જ નાશ થાય છે. ૩૨.

**उद्धारके न प्रदद्यात्सति लाभे महत्यपि ।**
**ऋते ग्रहणकाद् व्याजे न प्रदद्याद्धनं खलु ॥३३॥**

મોટો લાભ થવા છતાં પણ ઉધાર ન આપવું તથા કોઈ પણ વસ્તુ (દાગીના વિ.) સામે લીધા વિના ધન વ્યાજે ન આપવું. ૩૩.

**जानन् स्तेनाहृतं नैव गृह्णीयाद्धर्ममर्मवित् ।**
**वर्जयेत्तत्प्रतिरूपं व्यवहारं विचारवान् ॥३४॥**

ધર્મના રહસ્યને જાણનાર શ્રાવક જાણતા છતાં ચોરે લાવેલ વસ્તુ ગ્રહણ કરે નહીં તથા વિચારવાન્ વ્યક્તિએ વ્યાપારમાં ભેળસેળ વર્જવું. ૩૪.

**तस्करैरंत्यजैर्धूर्त्तैर्मलिनैः पतितैः समम् ।**
**इहामुत्र हितं वांछन् व्यवहारं परित्यजेत् ॥३५॥**

ચોર, ચંડાળ, ધૂર્ત, મલિન અને પતિત માણસોની સાથે આલોક તથા પરલોકના હિતને ઇચ્છનાર શ્રાવકે વેપાર ન કરવો. ૩૫.

**विक्रीणानः स्ववस्तूनि वदेत् कूटक्रयं नहि ।**
**आददानोऽन्यसक्तानि सत्यंकारं न लोपयेत् ॥३६॥**

પોતાની વસ્તુ વેચતાં ખરેખર (શ્રાવકે) જૂઠુ (ખરીદવેચાણમાં) ન બોલવું. તથા બીજાની વસ્તુ લેતા પોતાના વચનનો (સ્વકૃત શરત) લોપ ન કરવો. ૩૬.

**अदृष्टवस्तुनो नैव साटकं दृढ्यद्बुधः ।**
**स्वर्णरत्नादिकं प्रायो नाददीतापरीक्षितम् ॥३७॥**

ડાહ્યાપુરુષે નહીં જોયેલી વસ્તુનું સાટુ ન કરવું તથા પરીક્ષા કર્યા વિના સોનું-રત્ન વિ. પ્રાયઃ ગ્રહણ ન કરે. ૩૭.

**राजतेजो विना न स्यादनर्थापन्निवारणम् ।**
**नृपाद्याननुसरेत्तत्पारवश्यमनाश्रयन् ॥३८॥**

રાજતેજ વિના અનર્થ કે આપત્તિનું નિવારણ ન થાય, માટે સુજ્ઞજને સ્વ સ્વતંત્રપણું જાળવી રાજાવિ.ને અનુસરવું. ૩૮.

**तपस्विनं कविं वैद्यं मर्मज्ञं भोज्यकारकम् ।**
**मांत्रिकं निजपूज्यं च कोपयेज्जातु नो बुधः ॥३९॥**

સુશ્રાવકે તપસ્વી કવિ, વૈદ્ય, મર્મ (રહસ્ય) જાણનારા, રસોયો, માંત્રિક અને પોતાના પૂજ્યને ક્યારેય કોપાયમાન ન કરવા. ૩૯.

**अतिक्लेशं च धर्मातिक्रमणं नीचसेवनम् ।**
**विश्वस्तघातकरणं नाचरेदर्थतत्परः ॥४०॥**

અર્થ (ધન) ઉપાર્જનમાં તત્પર પુરુષે અતિક્લેશ, ધર્મનું ઉલ્લંઘન નીચનું સેવન તથા વિશ્વાસઘાત ન કરવો. ૪૦.

**आदाने च प्रदाने च न कुर्यादुक्तलोपनम् ।**
**प्रतिष्ठां महतीं याति नरः स्ववचने स्थिरः ॥४१॥**

લેતી દેતીમાં વચનનો લોપ ન કરવો, પોતાના વચનમાં સ્થિર મનુષ્ય મહાન પ્રતિષ્ઠાને પામે છે. ૪૧.

**धीरः सर्वस्वनाशेऽपि पालितां यो निजां गिरम् ।**
**नाशयेत्स्वल्पलाभार्थे वसुवत्स्यात्स दुःखितः ॥४२॥**

સર્વસ્વના નાશમાં પણ ધીરપુરુષે પોતાના વચનને પાળવું જોઈએ (થોડા પણ લાભને માટે વચન ભંગ કરનાર વ્યક્તિ વસુરાજાની જેમ દુ:ખી થાય. જે પોતાના વચનનો નાશ કરે તે વસુરાજાની જેમ દુ:ખી થાય છે. ૪૨.

**एवं व्यवहारपरः प्रहरंतुर्य मर्द्दयेत् ।**
**वैकालिककृते गच्छेदथो मंदिरमात्मनः ॥४३॥**

આ પ્રમાણે ઉચિત વ્યવહારમાં તત્પર એવો શ્રાવક ચોથો પ્રહર પસાર કરે, પછી વાળું કરવા માટે પોતાના ઘરે જાય. ૪૩

**एकाशनादिकं येन प्रत्याख्यानं कृतं भवेत् ।**
**आवश्यककृते सायं मुनिस्थानमसौ व्रजेत् ॥४४॥**

જે શ્રાવક વડે એકાશન વિ.નું પચ્ચક્ખાણ કરેલું હોય, તે સાંજે પ્રતિક્રમણ અર્થે ઉપાશ્રયે જાય. ૪૪.

**दिवसस्याष्टमे भागे कुर्याद्वैकालिकं सुधीः ।**
**प्रदोषसमये नैव निश्यद्यान्नैव कोविदः ॥४५॥**

ડાહ્યો પુરુષ દિવસના આઠમા ભાગે (૪ ઘડી દિવસ બાકી રહ્યે છતે) ભોજન કરે, પરંતુ સાંજે કે રાતે તો પંડિતજન ન જ જમે. ૪૫.

**चत्वारि खलुकर्माणि संध्याकाले विवर्जयेत् ।**
**आहारं मैथुनं निद्रां स्वाध्यायं च विशेषतः ॥४६॥**

સંધ્યા સમયે આહાર, મૈથુન, નિદ્રા અને સ્વાધ્યાય આ ચારકાર્યોને વિશેષથી તજે. ૪૬.

**आहाराज्जायते व्याधिर्मैथुनाद्‌गर्भदुष्टता ।**
**भूतपीडा निद्रया स्यात् स्वाध्यायाद्‌बुद्धिहीनता ॥४७॥**

આહાર કરવાથી વ્યાધિ, મૈથુનથી ગર્ભદુષ્ટતા, નિદ્રાથી ભૂતની પીડા અને સ્વાધ્યાયથી બુદ્ધિની હીનતા થાય. ૪૭.

**प्रत्याख्यानं द्युचरिमं कुर्या द्वैकालिकादनु ।**
**द्विविधं त्रिविधं चापि चाहारंवर्जयेत्समं ॥४८॥**

વાળું કર્યા પછી દિવસચરિમ પચ્ચક્ખાણ કરવું (સાથે જ) દુવિહાર, તિવિહાર યા ચોવિહાર કરવું. ૪૮.

**अन्हो मुखेऽवसाने च यो द्वेद्वे घटिक त्यजेत् ।**
**निशाभोजनदोषज्ञो ( ज्ञःस्नात्य ) यात्यसौ पुण्यभाजनम् ॥४९॥**

રાત્રિ ભોજનના દોષને જાણનાર જે શ્રાવક સવારે અને સાંજે બે બે ઘડી છોડે તે પુણ્યનું ભાજન થાય. ૪૯.

**करोति विरतिं धन्यो यः सदा निशि भोजनात् ।**
**सोऽर्द्ध पुरुषायुष्कस्य स्यादवश्यमुपोषितः ॥५०॥**

જે ધન્ય શ્રાવક હંમેશા રાત્રિભોજનથી અટકે છે તેને પોતાના અડધા આયુષના ઉપવાસનું (ફળ) જરૂર થાય છે. ૫૦.

**वासरे च रजन्यां च यः खादन्नेव तिष्ठति ।**
**श्रृंगपुच्छपरिभ्रष्टः स्पष्टं स पशुरेव हि ॥५१॥**

દિવસ-રાતને વિષે જે ખાતો જ રહે છે તે (માનવ છતાં શિંગડા અને પૂંછડા વિનાનો સ્પષ્ટ પશુ જ છે. ૫૧.

**उलूककाकमार्जारगृध्रशंबरसूकराः ।**
**अहिवृश्चिकगोधाश्च जायंते रात्रिभोजनात् ॥५२॥**

રાત્રિભોજનથી ઘુવડ, કાગડો, બિલાડો, ગીધ, શાંબર, ભૂંડ, સર્પ, વીંછી કે ગરોળી થાય છે. ૫૨.

**नैवाहूतिर्न च स्नानं न श्राद्धं देवतार्चनम् ।**
**दानं वा विहितं रात्रौ भोजनं तु विशेषतः ॥५३॥**

રાત્રિને વિષે આહૂતિ (હોમ), સ્નાન, શ્રાદ્ધ, દેવપૂજા અથવા દાનનો નિષેધ કરેલ છે અને ભોજનનો વિશેષથી નિષેધ છે. ૫૩.

**एवं नयेद्यश्चतुरोऽपि यामान् नयाभिरामः पुरुषो दिनस्य ।**
**नयेन युक्तो विनयेन दक्षो भवेदसावच्युतसौख्यभाग् वै ॥५४॥**

આ પ્રમાણે ચતુર અને ન્યાયથી મનોહર એવો જે પુરુષ દિવસના ચારે ય પ્રહરને પસાર કરે તે શ્રાવક ન્યાય અને વિનયથી શોભિત તે બારમાં (અચ્યુત) દેવલોકના સુખને ભોગવનારો થાય છે. ૫૪.

**॥ इति श्री रत्नसिंहसरीश्वरशिष्य श्रीचारित्रसुंदरगणि विरचिते आचारोपदेशे तृतीयो वर्गः ॥**

આ પ્રમાણે શ્રી રત્નસિંહસૂરિના શિષ્ય શ્રી ચારિત્ર સુંદરગણિએ રચેલ ''આચારોપદેશ''નો ત્રીજો વર્ગ પૂર્ણ થયો.

## चतुर्थो वर्गः ।

**प्रक्षाल्य स्वल्पनीरेण पादौ हस्तौ तथा मुखम् ।**
**धन्यंमन्यः पुनः सायं पूजयेच्छ्रीजिनं मुदा ॥१॥**

હવે પછી સુશ્રાવક પોતાને ધન્ય માનતો બહુ ઓછા પાણીથી હાથ-પગ તથા મુખને ધોઈને સાંજે હર્ષપૂર્વક શ્રીજિનદેવને પૂજે. (ધૂપ વિ. દ્રવ્યપૂજા તથા ચૈત્યવંદન રૂપ ભાવપૂજા કરે.)

**सत्क्रियासहितं ज्ञानं जायते मोक्षसाधकम् ।**
**जानन्निति पुनः सायं कुर्यादावश्यकक्रियाम् ॥२॥**

સમ્યક્ ક્રિયા સહિતનું જ્ઞાન મોક્ષનું સાધક થાય છે આમ જાણતો શ્રાવક ફરી સાંજે આવશ્યક ક્રિયા કરે. ૨.

**क्रियैव फलदालोके न ज्ञानं फलदं मतम् ।**
**यतः स्त्रीभक्ष्यभेदज्ञो न ज्ञानात्सुखितो भवेत् ॥३॥**

લોકમાં ક્રિયા જ ફળને આપનારી છે એમ માનેલું છે (જ્ઞાન નહીં)

જેથી જ્ઞાનથી સ્ત્રી અને ભોજનનો ભેદ જાણનાર સુખી થતો નથી. ૩.

**गुर्वभावे निजे गेहे कुर्वीतावश्यकं सुधीः ।**
**विनयस्य स्थापनाचार्यं नमस्कारावलीमथ ॥४॥**

સુજ્ઞજને પોતાના ઘરમાં (યોગ્ય સ્થળે) ગુરુના અભાવમાં નવકારવાળી કે સ્થાપનાચાર્ય સ્થાપીને આવશ્યક કરવું. ૪.

**धर्मात्सर्वाणि कार्याणि सिद्धयंतीति विदन् हृदि ।**
**सर्वदा तद्‌गतस्वांतो धर्मवेलां न लंघयेत् ॥५॥**

ધર્મથી સર્વકાર્યો સિદ્ધ થાય છે એમ હૃદયમાં જાણતો હંમેશા તેમાં જ ચિત્તવાળો ધર્મવેળાને ઓળંગે નહીં. ૫.

**अतीतानागतं कर्म क्रियते यज्जपादिकम् ।**
**वापिते चोषरक्षेत्रे धान्यवन्निष्फलं भवेत् ॥६॥**

સમય વીત્યા પછી કે પૂર્વે જે જપવિ. ક્રિયા કરાય છે તે ક્ષાર (ઉખર) ભૂમિમાં ધાન્યવાવવાની જેમ નિષ્ફળ જાય છે. ૬.

**विधिं सम्यक् प्रयुंजीत कुर्वन् धर्मक्रियां सुधीः ।**
**हानाधिकं सृजन् मंत्रविधिं यद्दुःखितो भवेत् ॥७॥**

સુશ્રાવકે ધર્મક્રિયા કરતાં વિધિને સારી રીતે પ્રયુંજવી. ત્યાં હીન-અધિકતા કરતાં મંત્રસાધકની જેમ દુઃખી થાય. ૭.

**धर्मानुष्ठानवैतथ्यात्प्रत्युतानर्थसंभवः ।**
**रौद्ररंध्रादिजनको दुःप्रत्युक्तादिवौषधात् ॥८॥**

જેમ ઔષધને અયોગ્ય રીતે ઉપયોગ કરવાથી તે બહુ જ દોષ કરે છે તેમ ધર્માનુષ્ઠાનના વૈતથ્યથી (વિપરીતથી) લાભના બદલે અનર્થ સંભવે છે. ૮.

**वैयावृत्यकृतं श्रेयोऽक्षयं मत्वा विचक्षणः ।**
**विहितावश्यकः श्राद्धः कुर्याद्विश्रामणां गुरोः ॥९॥**

સુશ્રાવક વૈયાવચ્ચ જન્ય શ્રેય અક્ષય સમજી આવશ્યક કર્યા પછી સદ્‌ગુરુની ભક્તિ કરે. ૯.

**वस्त्रवृतमुखो मौनी हरन् सर्वांगजे श्रमम् ।**
**गुरुं संवाहयेद्यत्त्पादस्पर्शं त्यजन्निजम् ॥१०॥**

વસ્ત્રથી ઢંકાયેલ મુખવાળો, મૌનવાળો સેવા કરતાં કરતાં ગુરુના સર્વે અંગમાં ઉત્પન્ન થયેલા થાકને દૂર કરે અને સાવચેતીથી શરીર દબાવતાં ગુરુને પોતાના પગનો સ્પર્શ તજે. ૧૦.

**ग्रामचैत्ये जिनं नत्वा ततो गच्छेत्स्वमंदिरम् ।**
**प्रक्षालितपदः पंचपरमेष्ठिस्तुतिं स्मरेत् ॥११॥**

પછી પોતાના ગામમાં આવેલ જિનમંદિરમાં જિનેશ્વરદેવ ને નમી પોતાના ઘરે જાય અને ધોયા છે જેણે પોતાના પગ એવો તે પંચપરમેષ્ઠીની સ્તુતિ કરે. ૧૧.

**अर्हंतः शरणं संत सिद्धाश्च शरणं मम ।**
**शरणं जिनधर्मो मे साधवः शरणं सदा ॥१२॥**

મને હંમેશા અરિહંતનું શરણ હોજો, સિદ્ધનું શરણ હોજો, જિનધર્મનું શરણ હો અને સાધુભગવંતો સદા શરણ હો. ૧૨.

**नमः श्री स्थूलभद्राय कृतभद्राय तायिने ।**
**शीलसन्नाहमाधृत्य यो जिगाय स्मरं रयात् ॥१३॥**

કલ્યાણકારી, રક્ષક શ્રીસ્થૂલભદ્રજીને નમસ્કાર થાઓ. કે જેણે શિયળ રૂપી કવચ ધારણ કરીને કામદેવને જલ્દી જીત્યો. ૧૩.

**गृहस्थस्यापि यस्यासीच्छीललीला वृहत्तरा ।**
**नमः सुदर्शनायास्तु सद्दर्शनकृतश्रिये ॥१४॥**

સ્વયં ગૃહસ્થ છતાં જેની શીલની લીલા ઘણી મહાન હતી એવા વળી જેનું દર્શન શાસનની શોભા વધારનાર હતું એવા શ્રી સુદર્શન (શેઠને)ને નમસ્કાર હો. ૧૪.

**धन्यास्ते कृतपुण्यास्ते मुनयो जितमन्यमथाः ।**
**आजन्म निरतीचारं ब्रह्मचर्यं चरंति ये ॥१५॥**

જીત્યો છે કામદેવ જેણે એવા તે મુનિઓ ધન્ય છે કે જેઓ આજન્મ દોષ રહિત બ્રહ્મચર્ય પાળે છે. ૧૫.

**निःसत्वो भूरिकर्माहं सर्वदाप्यजितेंद्रियः ।**
**नैकाहमपि यः शक्तः शीलमाधातुमुत्तमम् ॥१६॥**

હું નિઃસત્ત્વ છું, ભારે કર્મી અને સદા અજિતેંદ્રિય છું કે જે હું એક દિવસ પણ ઉત્તમશીલ ધારણ કરવા માટે સમર્થ નથી. ૧૬.

**संसार ! तव निस्तारपदवी न दवीयसी ।**
**अंतरा दुस्तरा न स्युर्यदि रे मदिरेक्षणाः ॥१७॥**

હે સંસાર સમુદ્ર ! જો સ્ત્રીઓ વચ્ચે ન (આવતી) હોય, તો તારો નિસ્તાર દૂર નથી (દુષ્કર નથી). ૧૭.

**अनृतं साहसं माया मूर्खत्वमतिलोभता ।**
**अशौचं निर्दयत्वं च स्त्रीणां दोषाः स्वभौवजाः ॥१८॥**

અસત્ય, સાહસ, માયા, મૂર્ખપણું, અતિલોભીપણું, અપવિત્રતા, અને નિર્દયતા આ સ્ત્રીઓના સ્વાભાવિક દોષો છે. ૧૮.

**या रागिणि विरागिण्यः स्त्रियस्ताः कामयेत कः ।**
**सुधीस्तां कामयेन्मुक्तिं या विरागिणि रागिणी ॥१९॥**

જે સ્ત્રી રાગીજન ઉપર પણ વિરાગિણી છે, તે સ્ત્રીઓ ને કોણ ઇચ્છે ? બુદ્ધિવંત તે મુક્તિરૂપી સ્ત્રીને ઇચ્છે કે જે રાગ રહિત પુરુષ પર રાગી હોય. ૧૯.

**एवं ध्यायन् भजेन्निद्रां स्वल्पकालं समाधिमान् ।**
**भजेन्न मैथुनं धीमान् धर्मपर्वसु कर्हिचित् ॥२०॥**

આ પ્રમાણે ધ્યાવતો બુદ્ધિવાળો શ્રાવક સમાધિપૂર્વક અલ્પકાળ નિદ્રા

લે, અને ધર્મ પર્વના દિને કદાપિ મૈથુન ન કરે. ૨૦.

**नातिकालंनिषेवेत प्रमीलां धीनिधिः पुनः ।**
**अत्यादृता भवेदेषा धर्मार्थसुखनाशिनी ॥२१॥**

બુદ્ધિશાળી પુરુષ વળી લાંબો સમય નિદ્રાનું સેવન ન કરે. કારણ કે અતિનિદ્રાથી તે ધર્મ અર્થ અને સુખનો નાશ કરે છે. ૨૧.

**अल्पाहारा अल्पनिद्रा अल्पारंभपरिग्रहाः ।**
**भवंत्यल्पकषाया ये ज्ञेयास्तेऽल्पभवभ्रमाः ॥२२॥**

જેઓ અલ્પઆહારી(હોય), અલ્પનિદ્રાળુ, અલ્પારંભી, અલ્પરિગ્રહી તથા અલ્પકષાયી હોય તે અલ્પ સંસારી સમજવા. ૨૨.

**निद्राहारभयस्नेहलज्जाकामकलिक्रुधः ।**
**यावन्मात्रा विधीयंते तावन्मात्रा भवंत्यमी ॥२३॥**

નિદ્રા, આહાર, ભય, સ્નેહ, લજ્જા, કામ, કલહ, ક્રોધ (આ સર્વ) જેટલા વધુ કરીએ તેટલા વધે. ૨૩.

**विघ्नव्रातलतानेमिं श्रीनेमिं मनसि स्मरन् ।**
**स्वापकाले नरो नैव दुःस्वप्नैः परिभूयते ॥२४॥**

વિઘ્નરૂપી લતાના સમૂહને કાપવામાં ચક્રધાર સમાન શ્રીનેમિનાથજીને મનમાં યાદ કરતા મનુષ્યને નિદ્રા સમયમાં ખરાબ સ્વપ્નો આવતા નથી. (તેવા સ્વપ્નોથી પીડાતો નથી.) ૨૪.

**अश्वसेनावलीपालवामादेवीतनूरुहम् ।**
**श्रीपार्श्वं संस्मरन् नित्यं दुःस्वप्नं नैष पश्यति ॥२५॥**

અશ્વસેન રાજા અને વામાદેવીના પુત્ર શ્રી પાર્શ્વનાથ પ્રભુને સ્મરણ કરતા વ્યક્તિને ક્યારેય દુષ્ટ સ્વપ્ન આવતું નથી. ૨૫.

**श्री लक्ष्मणांगसंभूतं महसेननृपांगजम् ।**
**चंद्रप्रभं स्मरन् चित्तेसुखनिद्रां लभेदसौ ॥२६॥**

શ્રી લક્ષ્મણાદેવી અને મહસેનરાજાના પુત્ર શ્રી ચંદ્રપ્રભુને મનમાં સ્મરતો વ્યક્તિ સુખેથી નિદ્રા મેળવે છે. ૨૬.

**सर्वविघ्नाहिगरुडं सर्वसिद्धिकरं परम् ।**
**ध्यायन् शांतिजिनं नैति चौरादिभ्यो भयं नरः ॥२७॥**

સર્વવિઘ્નરૂપી સર્પનો નાશ કરવામાં ગરૂડ રૂપ તથા સર્વસિદ્ધિને કરનાર એવા શ્રીશાંતિજિનને ધ્યાવતો પુરુષ ચોર વિ.થી ભય પામતો નથી. ૨૭.

**इत्यवेत्य दिनकृत्यमशेषं श्राद्धवर्गजनितोत्तमतोषम् ।**
**यच्चरन्निह परत्र च लोके श्लोकमेति पुरुषो धुतदोषम् ॥२८॥**

આ પ્રમાણે સમજીને શ્રાવકવર્ગને ઉત્તમ સંતોષ કરાવનાર સકળ દિન સંબંધી કાર્યને આચરતો પુરુષ નિર્દોષ બનીને આ ભવમાં અને પરભવમાં યશને પામે છે. ૨૮.

**॥ इति श्री रत्नसिंहसुरीश्वरशिष्य श्रीचारित्रसुंदरगणि विरचिते आचारोपदेशे चतुर्थोवर्गः ।**

આ પ્રમાણે શ્રીરત્નસિંહસૂરિના શિષ્ય શ્રીચારિત્રસુંદરગણિએ રચેલ આચારોપદેશનો ચોથો વર્ગ સમાપ્ત થયો.

## पंचमवर्गः

**लब्ध्वैतन्मानुषं जन्म सारं सर्वेषु जन्मसु ।**
**सुकृतेन सदा कुर्यात्सकलं सफलं सुधीः ॥१॥**

સકલ જન્મોમાં સારભૂત આ મનુષ્યપણું પામીને ડાહ્યા પુરુષે હંમેશા સુકૃત દ્વારા સંપૂર્ણ રીતે જન્મને સફળ કરવો. ૧.

**निरंतरकृताद्धर्मात्सुखं नित्यंभवेदिति ।**
**अवंध्यं दिवसं कुर्याद्दानध्यानतपःश्रुतैः ॥२॥**

નિરંતર ધર્મ આચરવાથી (આ જન્મમાં) હંમેશા સુખ થાય છે તેથી

દાન, ધ્યાન, તપ અને શ્રુત વડે દિવસ સફળ કરવો. ૨.

**आयुषस्तृतीये भागे जीवोंऽत्यसमयेऽथवा ।**
**आयुः शुभाशुभं प्रायो बध्नाति परजन्मनः ॥३॥**

આયુષ્યનો ત્રીજો ભાગ બાકી રહ્યે છતે અથવા છેલ્લા સમયે જીવ પરભવનું પ્રાયઃ શુભાશુભ આયુષ્ય બાંધે છે. ૩.

**आयुस्तृतीयभागस्थः पर्वघस्त्रेषु पंचसु ।**
**श्रेयः समाचरन् जंतुर्बध्नात्यायुर्निजं ध्रुवम् ॥४॥**

પોતાના આયુના ત્રીજા ભાગમાં રહેલ પ્રાણી પાંચ પર્વ દિવસોમાં પુણ્ય આચરતો નિશ્ચે પોતાનું પરભવાયું બાંધે છે. ૪.

**जंतुराराधयेद्धर्मं द्विविधं द्वितीयादिने ।**
**सृजन सुकृतसंघातं रागद्वेषद्वयं जयेत् ॥५॥**

બીજ તિથિનું આરાધન કરતાં દ્વિવિધ (સાધુ-શ્રાવક) ધર્મ આરાધી શકે અને અનેક સુકૃત આચરતો રાગદ્વેષનો જય કરી શકે છે. ૫.

**पंचज्ञानानि लभते चारित्राणि व्रतानि च ।**
**पंचमीं पालयन् पंच प्रमादान् जयति ध्रुवम् ॥६॥**

પાંચમનું આરાધન કરતો પ્રાણી પાંચ જ્ઞાન, પાંચ ચારિત્ર અને વ્રતો પામે છે. તથા પાંચ પ્રમાદનો તે નક્કી જય કરે છે. ૬.

**दुष्टाष्टकर्म नाशयाष्टमी भवति रक्षिता ।**
**स्यात्प्रवचनमातृणां शुद्धयेऽष्टमदान् जयेत् ॥७॥**

આઠમ તિથિને આરાધવાથી દુષ્ટ આઠે કર્મોનો નાશ થાય છે અને અષ્ટ પ્રવચન માતાની શુદ્ધિ તથા આઠમદનો જય થાય છે. ૭.

**एकादशांगानि सुधीराराधयति निश्चितम् ।**
**एकादश्यां शुभं तन्वन् श्रावकप्रतिमास्तथा ॥८॥**

એકાદશીનાં દિવસે શુભ આચરતાં સુજ્ઞજન અવશ્ય અગ્યાર અંગોને

તથા શ્રાવકની અગ્યાર પ્રતિમાઓને આરાધે છે. ૮.

**चतुर्दशरज्जूरिवासमासादयत्यहो ।**
**चतुर्दश्यामाराधयन्पूर्वाणि च चतुर्दश ॥९॥**

ચૌદસને દિવસે આરાધના કરતો શ્રાવક ચૌદ પૂર્વોને આરાધી અંતે ચૌદ રાજલોકની ઉપર મોક્ષને પામે છે. ૯.

**एकैकोच्चफलानि स्युः पंचपर्वाण्यमूनि वै ।**
**तदत्र विहितं श्रेयोऽधिकाधिकफलं भवेत् ॥१०॥**

આ પાંચે પર્વો ઉત્તરોત્તર એકૈકથી અધિક ફળદાયી છે. તેથી તે દિવસોમાં કરેલ આરાધના અધિકાધિક ફળ આપનાર થાય છે.

**धर्मक्रियां प्रकुर्वीत विशेषात्पर्ववासरे ।**
**आराधयन्नुत्तरगुणान् वर्जयेत्स्नानामैथुने ॥११॥**

(એમ સમજીને) બુદ્ધિશાળી શ્રાવકે પર્વદિવસે વિશેષ પ્રકારે ધર્મક્રિયા કરવી અને ઉત્તરગુણોને (પૌષધ પ્રતિક્રમણ) આરાધતા સ્નાન અને મૈથુન વર્જવું. ૧૧.

**विदध्यात्पौषधं धीमान् मुक्तिवश्यौषधं परम् ।**
**तदशक्तौ विशेषेण श्रयेत्सामायिकव्रतम् ॥१२॥**

આ દિવસોમાં સુજ્ઞશ્રાવકે મુક્તિને વશ કરવામાં પરમ ઔષધ સમાન ઉત્કૃષ્ટ પૌષધ કરવો જોઈએ, તેવી અશક્તિમાં વિશેષથી સામાયિક વ્રત કરે. ૧૨.

**च्यवनं जननं दीक्षा ज्ञानं निर्वाणमित्यहो ।**
**अर्हतां कल्याणकानि सुधीराराधयेत्तथा ॥१३॥**

અરિહંત ભગવંતોનાં ચ્યવનજન્મ-દીક્ષાકેવલજ્ઞાન અને મોક્ષ કલ્યાણક હોય તે દિવસે બુદ્ધિશાળીઓએ તે પ્રકારે આરાધના કરવી. ૧૩.

**एकस्मिनैकाशनकं द्वयोर्निर्विकृतेस्तपः ।**
**त्रिष्वाचाम्लं सपूर्वार्द्ध चतुर्षूपोषितं सृजेत् ॥१४॥**

તે દિવસે એક કલ્યાણમાં એકાશન કરવું બે હોય તો નિવિ, ત્રણ હોય તો પુરિમઢ્ઢ સહિત આયંબિલ અને ચાર કલ્યાણક હોય તો ઉપવાસ કરવો. ૧૪.

**सपूर्वार्द्धमुपवासं पुनः पंचसु तेष्विति ।**
**पंचभिर्वत्सरैः कुर्यात्तानि चोपोषितैः सुधीः ॥१५॥**

પાંચ કલ્યાણક હોય તો પુરિમઢ્ઢ સહિત ઉપવાસ કરવો, આ પ્રમાણે સુશ્રાવક આ પાંચ કલ્યાણ (હોતે છતે) પાંચ વર્ષે પૂર્ણ કરે. (ક્યાંક પૂર્વાર્ધનો અર્થ એકાસણરૂપ એમ જણાવેલ છે.) ૧૫.

**अर्हदादिपदस्थानि विंशतिस्थानकानि च ।**
**कुर्वीति विधिना धन्यस्तपसैकाशनादिना ॥१६॥**

અરિહંત વિ. પદ રૂપ વીસસ્થાનકોની ધન્યશ્રાવકે એકાશન વિ. તપથી વિધિપૂર્વક આરાધના કરવી જોઈએ. ૧૬.

**तत्तद्विधिध्यानपरो योऽमून्याराधयत्यहो ।**
**लभते तीर्थकृन्नामकर्माशर्महरं परम् ॥१७॥**

તે તે વિધિ અને ધ્યાનમાં તત્પર એવો જે શ્રાવક આ સ્થાનકોને આરાધે છે તેથી સમસ્તદુઃખોને હરનાર અને ઉત્તમ એવા તીર્થંકર નામકર્મને મેળવે છે. ૧૭.

**उपवासेन यः शुक्लामाराधयति पंचमीम् ।**
**सार्द्धानि पंच वर्षाणि स लभेत्पंचमीं गतिम् ॥१८॥**

જે શ્રાવક ઉપવાસ દ્વારા સાડા પાંચ વર્ષ (સુધી) શુક્લ પાંચમનું આરાધના કરે છે. તે શ્રાવક પાંચમી ગતિ (મોક્ષ)ને પામે છે. ૧૮.

**उद्यापनं व्रते पूर्णे कुर्याद्वा द्विगुणं व्रतम् ।**
**तपोदिनप्रमाणानि भोजयेन्मानुषाणि च ॥१९॥**

વ્રત પૂર્ણ થયે છતે ઉજમણું કરવું અથવા (શક્તિ ન હોય તો) ડબલ વ્રત કરવું. અને જેટલા દિનનો તપ થાય. તેટલા શ્રાવક જમાડવા. ૧૯.

**कारयेत्पंच पंचोच्चैर्ज्ञानोपकरणानि च ।**
**पंचम्युद्यापने तद्वच्चैत्योपकरणान्यपि ॥२०॥**

સુશ્રાવકે જ્ઞાનના પાંચ પાંચ ઉત્તમ ઉપકરણો પાંચમના ઉજમણામાં કરાવવા અને તેની જેમ (તેટલા જ) ચૈત્યના ઉપકરણો પણ કરાવવાં. ૨૦

**पाक्षिकावश्यकं तन्वन् चतुर्दश्यामुपोषितम् ।**
**पक्षं विशुद्धं तनुते द्विधापि श्रावको निजम् ॥२१॥**

ચૌદસના દિવસે ઉપવાસ કરીને (શ્રાવક) પાક્ષિક પ્રતિક્રમણ કરનાર શ્રાવક પોતાના બન્ને (પિતાના અને માતાના) પક્ષને વિશુદ્ધ કરે છે. ૨૧.

**त्रिषु चतुर्मासिकेषु कुर्यात्षष्टं तपः सुधीः ।**
**ज्येष्टपर्वण्यष्टमं च तदावश्यकयुक् सृजेत् ॥२२॥**

સુજ્ઞ શ્રાવક ત્રણ ચોમાસી હોતે છતે (તે દિવસે) છઠ્ઠ તપ કરે અને સર્વોપરિ સંવચ્છરી પર્વને વિષે અઠ્ઠમને કરે અને તે દિવસે આવશ્યકમાં જોડાય. ૨૨.

**अष्टाह्निकासु सर्वासु विशेषात्पर्ववासरे ।**
**आरंभान् वर्जयेद्गेहे खंडनोत्पेषणादिकान् ॥२३॥**

સર્વે અઠ્ઠાઈના દિવસોમાં તથા વિશેષથી પર્વના દિવસે ઘરને વિષે ખાંડવું - પીસવું વિ. આરંભોને વર્જે. ૨૩.

**पर्वणि श्रृणुयाज्ज्येष्ठे श्रीकल्पं स्वच्छमानसः ।**
**शासनोत्सर्पणां कुर्वन्नमारिं कारयेत्पुरे ॥२४॥**

પર્યુષણ પર્વમાં નિર્મળ ચિત્તવાળો શ્રાવક કલ્પસૂત્ર સાંભળે અને શાસનની પ્રભાવના કરતો નગરને વિષે અમારી (જીવદયા) કરાવે. ૨૪.

**श्राद्धो विधाय सद्धर्मकर्मनो निर्वृत्तिं व्रजेत् ।**
**अतृप्तमानसः कुर्याद्धर्मकर्माणि नित्यशः ॥२५॥**

શ્રાવક સદ્ધર્મ કરીને કદાપિ સંતોષ ન પામે, અતૃપ્ત મનવાળો તે

હંમેશા ધર્મકાર્ય (ઉત્તરોત્તર) કરતો જ રહે. ૨૫.

**ज्येष्ठे पर्वणि श्रीकल्पं सावधानः श्रृणोति यः ।**
**अंतर्भवाष्टकं धन्यं स लभेत्परमं पदम् ॥२६॥**

શ્રીપર્યુષણ પર્વમાં સાવધાન એવો જે કલ્પસૂત્ર સાંભળે ભાગ્યશાળી એવો તે આઠ ભવની અંદર મોક્ષ સ્થાનને પામે. ૨૬.

**सम्यक्त्वसेवनान्नित्यं सद्ब्रह्मव्रतपालनात् ।**
**यत्पुण्यं जायते लोके श्रीकल्पश्रवणेन तत् ॥२७॥**

નિરંતર સમ્યક્ત્વના સેવનથી અને પવિત્ર બ્રહ્મચર્ય વ્રતના પાલનથી લોકમાં જે પુણ્ય થાય છે તેટલું પુણ્ય શ્રીકલ્પસૂત્રના શ્રવણથી થાય છે. ૨૭.

**दानैस्तपोभिर्विविधैः सत्तीर्थोपासनैरहो ।**
**यत्पापं क्षीयते जंतोस्तत्कल्पश्रवणेन वै ॥२८॥**

વિવિધ દાન વડે, તપો વડે અને સારા તીર્થોની ઉપાસના વડે અહો ! પ્રાણીનું જે પાપ નાશ થાય છે તેટલું પાપ કલ્પસૂત્રના શ્રવણથી ક્ષીણ થાય છે. ૨૮.

**मुक्तेः परं पदं नास्ति तीर्थं शत्रुंजयात्परम् ।**
**सद्दर्शनात्परं तत्वं शास्त्रं कल्पात्परं नहि ॥२९॥**

જેમ મુક્તિથી ઊંચું કોઈ શ્રેષ્ઠ પદ નથી, શત્રુંજયથી શ્રેષ્ઠ કોઈ તીર્થ નથી. સમ્યક્ત્વથી શ્રેષ્ઠ કોઈ તત્ત્વ નથી તેમ કલ્પસૂત્ર કરતાં બીજું કોઈ શ્રેષ્ઠ સૂત્ર નથી. ૨૯.

**अमावास्याप्रतिपदोर्दीपोत्सवदिनस्थयोः ।**
**प्राप्तनिर्वाणसद्ज्ञानौ स्मरेच्छ्रीवीरगौतमौ ॥३०॥**

દિવાળીની અમાવાસ્યા અને એકમના દિવસે (ક્રમશઃ) પ્રાપ્ત કર્યું છે નિર્વાણ અને કેવળજ્ઞાન જેણે એવા શ્રીવીર અને શ્રીગૌતમનું સ્મરણ કરવું. ૩૦.

**उपवासद्वयं कृत्वा गौतमं दीपपर्वणि ।**
**यः स्मरेत्स लभेन्नूनमिहामुत्र महोदयम् ॥३१॥**

દિવાળી પર્વમાં જે આત્મા છટ્ઠ કરીને શ્રી ગૌતમસ્વામીનું સ્મરણ કરે તે આ લોક અને પરલોકમાં ખરેખર મહોદયને પામે છે. ૩૧.

**स्वगृहे ग्रामचैत्ये च विधिनार्चां जिनेशितुः ।**
**कृत्वा मंगलदीपं चाश्नीयात्सार्द्धं स्वबंधुभिः ॥३२॥**

પોતાના ઘર દહેરાસરમાં અને ગામના ચૈત્યમાં વિધિપૂર્વક જિનેશ્વર પ્રભુની પૂજા વિ. કરી અને મંગલદીવો કરીને પ્રાજ્ઞજને પોતાના બંધુઓ સાથે ભોજન કરવું. ૩૨.

**कल्याणकं जिनानां हि स्थापयन्परमं दिनम् ।**
**निजशक्त्या सदर्थिभ्यो दद्याद्दानं यथोचितम् ॥३३॥**

જિનેશ્વર ભગવંતોના (પાંચ) કલ્યાણક દિવસને શ્રેષ્ઠ (મોટા) ગણીને શ્રાવકે પોતાની શક્તિમુજબ સારા અર્થીજનોને યોગ્યતા મુજબ દાન દેવું. ૩૩.

**इत्थं सुपर्वविहितोत्तमकृत्यचार्वा-**
**चारप्रचारपिहिताश्रववर्गमार्गः ।**
**श्राद्धः समृद्धविधिवर्द्धितशुद्धबुद्धि-**
**र्भुक्त्वा सुपर्वसुखमेति च मुक्तिसौख्यम् ॥३४॥**

આ પ્રમાણે સુપર્વના દિવસે કર્યું છે શ્રેષ્ઠ કાર્ય અને સુંદર આચારના પ્રચારથી રોક્યો છે આશ્રવમાર્ગ જેણે તથા સારી વિધિથી વધી છે શુદ્ધબુદ્ધિ જેની જેની એવો શ્રાવક શ્રેષ્ઠ સુખને ભોગવીને પ્રાન્તે મોક્ષસુખ પામે છે. ૩૪.

**इति श्रीरत्नसिंहसूरीश्वरशिष्यश्रीचारित्रसुंदरगणिविरचिते आचारोपदेशे पंचमो वर्गः ॥**

આ પ્રમાણે શ્રી રત્નસિંહસૂરિના શિષ્ય શ્રી ચારિત્રસુંદરગણિએ રચેલ શ્રીઆચારોપદેશનો આ પાંચમો સર્ગ સમાપ્ત થયો.

## षष्ठः वर्गः

**श्राद्धो विधाय सद्धर्मकर्म नो निर्वृत्तिं व्रजेत् ।**
**अतृप्तमानसः कुर्याद्धर्मकर्माणि नित्यशः ॥१॥**

સદ્ધર્મકાર્યને કરીને શ્રાવક ક્યારેય સંતોષ ન પામે, હંમેશા મનમા અતૃપ્ત મનવાળો એવો તે હંમેશા વધુને વધુ ધર્મકાર્યો કરે. ૧.

**धर्मादधिगतैश्वर्यो धर्ममेव निहंति यः ।**
**कथं शुभायतिर्भावी स्वस्वामिद्रोहपातकी ॥२॥**

ધર્મથી જ પામ્યો છે ઐશ્વર્ય એવો જે (વ્યક્તિ) ધર્મને જ લોપે છે, તે પોતાના સ્વામીના દ્રોહી પાતકીનું ભાવી કેવી રીતે શુભ કરે ? ૨

**दानशीलतपोभावभेदैर्धर्मश्चतुर्विधः ।**
**आराध्यः सुधिया शश्वद्भक्तिमुक्तिफलप्रदः ॥३॥**

દાન-શિયળ-તપ અને ભાવ એમ ચાર પ્રકારે ધર્મ છે - સ્વર્ગ વિ. ભોગસુખ અને મુક્તિરૂપી ફળને પ્રકર્ષે આપનાર એવો આ ધર્મ બુદ્ધિશાળી વડે હંમેશા આરાધવા યોગ્ય છે. ૩.

**देयं स्तोकादपि स्तोकं न व्यपेक्षो महोदयः ।**
**इच्छानुरूपो विभवः कदा कस्य भविष्यति ॥४॥**

થોડામાંથી પણ થોડુ આપવું, મોટા ઉદયની અપેક્ષા ન રાખવી (કારણ કે) પોતાની ઇચ્છાનુસારે વૈભવ કોને ક્યારે થશે. ૪.

**ज्ञानवान् ज्ञानदानेन निर्भयोऽभयदानतः ।**
**अन्नदानात्सुखी नित्यं निर्व्याधिर्भेषजाद्भवेत् ॥५॥**

**"દાનથી શું ફળ મળે છે તે સંબંધી"**

જ્ઞાનદાનથી જ્ઞાની, અભયદાનથી નિર્ભયી, અન્નદાનથી સુખી અને ઔષધદાનથી માણસ નિરોગી થાય છે. ૫

कीर्तिः संजायते पुण्यान्न दानाद्यच्च कीर्त्तये ।
कैश्चिद्वितीर्यते दानं ज्ञेयं तद्व्यसनं बुधैः ॥६॥

કીર્ત્તિ પુણ્યથી પ્રાપ્ત થાય છે, પણ દાનથી નહીં. છતાં જે કીર્ત્તિ માટે દાન આપે છે તેને સુજ્ઞ પુરુષો વડે વ્યસન છે એમ જાણવું. ૬.

दातुर्दानमपापाय ज्ञानिनां न प्रतिग्रहः ।
विषशीतापहौ मंत्रवन्ही किं दोषभाजिनौ ॥७॥

દાતાને દાન પુણ્ય માટે થાય છે. (દાન ગ્રાહક જ્ઞાનીને) તે દાનનો પ્રતિગ્રહ = દોષ લાગતો નથી (કારણ કે) વિષ અને શીતને હરનાર મંત્ર અને અગ્નિ શું દોષવાળા થાય છે ? ૭.

व्याजे स्याद् द्विगुणं वित्तं व्यवसाये चतुर्गुणम् ।
क्षेत्रे शतगुण प्रोक्तं पात्रेऽनंतगुणं भवेत् ॥८॥

વ્યાજમાં ધન બમણું થાય, વેપારમાં ચારગણું, ખેતરમાં (વાવતાં) સો ગણું થાય પરંતુ સુપાત્રમાં (આપવાથી) અનંતગણું થાય એમ કહ્યું છે. ૮.

चैत्यप्रतिमापुस्तकवेदश्रीसंघभेदरूपेषु ।
क्षेत्रेषु सप्तसु धनं वपेद्भूरिफलाप्तये ॥९॥

ચૈત્ય, પ્રતિમા, પુસ્તક તથા ચતુર્વિધ શ્રીસંઘરૂપ (સ્થાનમાં) સાત ક્ષેત્રોમાં ઘણા ફળની પ્રાપ્તિ માટે ધન વાપરવું જોઈએ. ૯.

चैत्यं यः कारयेद्धन्यो जिनानां भक्तिभावितः ।
तत्परमाणुसंख्यानि पल्यान्येष सुरो भवेत् ॥१०॥

જે ધન્ય શ્રાવક ભક્તિભાવથી (યોગ્ય સ્થળે) જિનમંદિર કરાવે તે એ ચૈત્યના પરમાણુંઓની સંખ્યા જેટલા પલ્યોપમ સુધી દેવ થાય. ૧૦.

यत्कारितं चैत्यगृहं तिष्ठेद्यावदनेहसम् ।
स तत्समयसंख्यानि वर्षाणि त्रिदशो भवेत् ॥११॥

કરાવેલું જિનમંદિર જેટલો કાળ રહે, તેના જેટલા સમયો થાય તેટલા

વર્ષો સુધી તે (મંદિર) કરાવનાર દેવ થાય. ૧૧.

**सुवर्णारूप्यरत्नमयीं दृषल्लेखमयीमपि ।**
**कारयेद्योऽर्हतां मूर्त्ति स वै तीर्थंकरो भवेत् ॥१२॥**

સોનાની, રૂપાની, રત્નની, પાષાણની કે માટીની (વિધિપૂર્વક) જે જિનમૂર્તિ કરાવે, તે તીર્થંકર પદને પામે છે. ૧૨.

**अंगुष्ठमात्रामपि यः प्रतिमां परमेष्ठिनः**
**कारेयदाप्य शक्रत्वं स लभेत्परमं पदम् ॥१३॥**

જે અંગુઠા માત્ર માપની પણ પ્રભુની મૂર્તિ વિધિપૂર્વક કરાવે તે ઇન્દ્રપણું પામીને પરમ પદને પામે છે. ૧૩.

**धर्मद्रुमूलंसच्छास्त्रं जानन् मोक्षफलप्रदम् ।**
**लेखयेद्वाचयेद्यच्च शृणुयाद्भावशुद्धिकृत् ॥१४॥**

ધર્મરૂપી વૃક્ષના મૂળરૂપ અને મોક્ષફળને પ્રકર્ષે આપનાર એવા ઉત્તમશાસ્ત્રને જાણતો વ્યક્તિ લખે, લખાવે, વાંચે, વંચાવે અને સાંભળે, સંભળાવે તે પોતાના ભાવને (વધુ) શુદ્ધકરનારો થાય છે. ૧૪.

**लेखाप्यागमशास्त्राणि यो गुणिभ्यः प्रयच्छति ।**
**तन्मात्राक्षरसंख्यानि वर्षाणि त्रिदशो भवेत् ॥१५॥**

આગમશાસ્ત્રો લખાવીને જે ગુણીજનોને આપે છે તે અક્ષર પ્રમાણ વર્ષો સુધી દેવ થાય છે. ૧૫.

**ज्ञानभक्तिं विधत्ते यो ज्ञानविज्ञानशोभितः ।**
**प्राप्नोति स नरः प्रांते केवलिपदमव्ययम् ॥१६॥**

જે શ્રાવક જ્ઞાનની ભક્તિ કરે છે, તે જ્ઞાનવિજ્ઞાનથી શોભિત થયેલો એવો (તે) પ્રાન્તે કેવલિપદ (મોક્ષપદ)ને પામે છે. ૧૬.

**निदानं सर्वसौख्यानामन्नदानं विभावयन् ।**
**साधर्मिकाणां वात्सल्यं कुर्याच्छक्त्या समाःप्रति ॥१७॥**

સર્વસુખોના કારણભૂત અન્નદાન છે એમ વિચારતા શ્રાવકે પ્રતિવર્ષ શક્તિમુજબ સાધર્મિક વાત્સલ્ય કરવું. ૧૭.

**वात्सल्यं बंधुख्यानां संसारार्णवमज्जनम् ।**
**तदेव समधर्माणां संसारोदधितारकम् ॥१८॥**

બન્ધુ વિ. નું વાત્સલ્ય તે સંસારરૂપી સમુદ્રમાં ડુબવામાં કારણભૂત છે. જ્યારે સાધર્મિકભાઈઓને જમાડવા તે સંસારસમુદ્રથી તારક છે. ૧૮.

**प्रतिवर्षं संघपूजां शक्त्या कुर्याद्विवेकवान् ।**
**प्रासुकानि श्री गुरुभ्यो दद्याद्वस्त्राणि भक्तितः ॥१९॥**

એમ સમજીને વિવેકવાળાએ શ્રી સંઘની પ્રતિવર્ષે શક્તિમુજબ સેવા-પૂજા કરવી અને શ્રી ગુરુભગવંતને અચિત્ત અન્ન વસ્ત્ર વિ. ભક્તિપૂર્વક આપવા. ૧૯.

**वसत्यशनपानानि पात्रवस्त्रौषधानि च ।**
**चेन्न पर्याप्तविभवो दद्यात्तदपि शक्तितः ॥२०॥**

સ્વયં સંપૂર્ણ વૈભવવાળો ન હોય તો પણ શ્રાવક વસતિ અશન, પાન, વસ્ત્ર અને ઔષધ વિ. પોતાની શક્તિમુજબ (મહાત્માઓને) કાંઈક આપે. ૨૦

**सत्पात्रे दीयते दानं दीयमानं न हीयते ।**
**कूपारामगवादीनां ददतामेव संपदः ॥२१॥**

દાન સુપાત્રને વિષે અપાય, તે આપતા કાંઈ ઘટતું નથી, પરંતુ કૂવો, બગીચો, અને ગાય વિ.ની જેમ આપતાં જ સંપત્તિ વૃદ્ધિ પામે છે. ૨૧.

**प्रदत्तस्य च भुक्तस्य दृश्यते महदंतरम् ।**
**प्रभुक्तं जायते वर्चो दत्तं भवति चाक्षयम् ॥२२॥**

આપેલ અને ભોગવેલમાં મોટું અંતર દેખાય છે. ભોગવેલ (ખાધેલ) વિષ્ટા રૂપે થાય છે અને આપેલું અક્ષય થાય છે. ૨૨

**आयासशतलब्धस्य प्राणेभ्योऽपि गरीयसः ।**
**दानमेवेव वित्तस्य गतिरन्या विपत्तयः ॥२३॥**

સેંકડો પ્રયત્નથી મેળવેલ અને પ્રાણથી ય અધિક એવા ધનની દાન એ જ એક ગતિ છે. અન્ય ગતિઓ તો વિપત્તિ રૂપ જ છે. ૨૩.

**क्षेत्रेषु सप्तसु वपन् न्यायोपात्तं निजं धनम् ।**
**साफल्यं कुरुते श्राद्धो निजयोःर्धनजन्मनोः ॥२४॥**

ન્યાયથી ઉપાર્જિત પોતાના ધનને સાતક્ષેત્રને વિષે વાપરતા શ્રાવક પોતાના ધન અને જન્મને સફળ કરે છે. ૨૪.

**॥ इति श्रीरत्नसिंहसूरीश्वरशिष्यश्रीचारित्रगणिविरचिते आचारोपदेशे षष्ठो वर्गः ॥**

આ પ્રમાણે શ્રી રત્નસિંહસૂરિના શિષ્ય શ્રીચારિત્રસુંદરગણિએ રચેલ આચારોપદેશનો આ છઠ્ઠો સર્ગ સમાપ્ત થયો.

**॥ समाप्तोऽयं ग्रंथः ॥**

આ ગ્રન્થ સમાપ્ત થયો.

● ● ●

આ ગ્રંથ શ્રાવક ધર્મના આચારોની
સુંદર સમજણ આપે છે. શ્રાવકના
પણ કેવા કેવા આચારો છે, કર્તવ્યો છે
તે આ ગ્રંથના માધ્યમથી સમજી શકાશે.

એકવાર આ ગ્રંથને ખૂબ ચિંતન-મનન
સાથે વાંચીને તેની ઉંડાણથી સમજણ
ગુરુભગવંતો પાસેથી મેળવીને શ્રાવક ધર્મનું
પાલન સૌ આત્માઓ કરે એવી

**શુભાભિલાષા**

**૧૪**

પ્રકાશક

**પૂ.આ. શ્રી જિનપ્રભસૂરિ જૈન ગ્રંથમાળા**

C/o. રસીકભાઈ એમ. શાહ
A/8 ધવલગીરિ એપા., ૮મા માળે, બહાઈસેન્ટર, ખાનપુર, અમદાવાદ - ૩૮૦ ૦૦૧
ફોન :- ૯૯૪૫૦૧૨૨૧, રે. ૩૦૪૧૮૪૭૩

VARDHMAN 079-22860785 M: 9227527244